॥ શ્રી હરિ ॥

# પુષ્ટિ પ્રસાદ

● વર્ષ-૪, ફેબ્રુઆરી, ૨૦૦૭, અંક-૨ ●

પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાય સાહિત્ય પ્રચાર સેવા પરિવાર પ્રકાશિત અમુલ્ય વૈષ્ણવ માસિક

**પૂ.ગો.ઈન્દિરા બેટીજી**

## કંકુ જેવું વહાલ

કંકુ જેવું વ્હાલ વધુના
વેરો મારા વાલમા
મેઘધનુષ શાને ફોરે છે
આંખોની આ ચાલમાં ?
બે ખોબાનું જીવન મારું
તમે જગતના ફાલમાં,
હું અંધારી રાત, તમે તો
ચળકો નભના ભાલમાં.
હું છું કેવળ ઘટના મારે
ધરબાવું રહ્યુ કાલમાં,
કદી આંખથી ખરી પડું, યા
હસી પડું હું ગાલમાં.
કહે "શ્રાવણી" તમે રમો છો
ફાગણિયા ગુલાલમાં,
હું છું કેવળ ઉજ્જડ વગડો
જીવું છું બેહાલમાં.

**•પ્રેરક–પ્રચારક–સંપાદક•**
શ્રી વ્રજનીશ શાહ
E-mail : pushtiprasadinc@hotmail.com
www.pushtiprasad.com

**• C.E.O. •**
શ્રી પંકજ એ. શાહ
E-mail : pankajshahadvocate@yahoo.com

**•પરામર્શક•**
પ્રા.ડૉ.શ્રી પ્રદ્યુમ્ન સી. રાયજીવાળા. ફોન : (૦૨૬૧) ૨૪૭૦૫૦૫

**• AMERICA CONTACT •**
**Sh. Vrajnish R. Shah**
21710, Gorman Drive,
BOYDS MD. 20841 (U.S.A.)
Tel.# : 301-540-0006
E-mail : pushtiprasad@hotmail.com

**• INDIA CONTACT •**
**Sh. Pankaj A. Shah (C.E.O.)**
ADVOCATE
41, Manorath, Anand Rowhouses,
Adajan Road, SURAT (Guj.) INDIA.
Tel.#:(R):+91-261-2736292, (O):2474151
E-mail : pankajshahadvocate@yahoo.com

**CALIFORNIA CONVENER**
**Sh. Hasmukh Modi**
Tel#:(949) 857-5467
E-mail : hrmodi@acropower.co.in

**NY / NJ CONVENER**
**Sh. Vijay Choksi**
Tel#:(937) 614-0271
E-mail : vijayc@786 inc.com

**TEXAS CONVENER**
**Smt. Malvika Uday Shah**
Tel#:(972) 208-2224
E-mail : malvikausa2@yahoo.com

**VA / MD CONVENER**
**Smt. Mira Kirit Sheth**
Tel#:(703) 471-345
E-mail : kiritosheth@gmail.com

**MUMBAI CONVENER**
**Sh. Viral Shroff**
Tel#:28694133
E-mail : viralshroff@vsnl.net

**AHMEDABAD CONVENER**
**Sh. Ashvin N. Desai**
Vallabh Sadan, Ashram Road,
Tel#:26449982

**NEW YORK CONVENER**
Ms. Mona J. Thakker
Tel#:(781) 533-6924
E-mail : Jaisrikrsna0902@aol.com

**BAHARIN CONVENER**
**Sh. Kushang Sheth**
Tel#:97339554172
E-mail : kusang_seth@yahoo.com

**LONDON CONVENER**
**Ms. Nina Nanavati**
Tel#:(0207) 612-0506
E-mail : nina@crystaltravel.co.uk

**STATE CONVENER NC**
**Sh. Bhupin Shah**
Tel#:(704) 873-4000
E-mail : shahbhupin@aol.com

**CANADA CONVENER**
**Sh. Jay Shah**
Tel#:(905) 455-2206
E-mail : maltijayshah@yahoo.com

**ADVISORY COMMITTEE**
**Sh. Vipul Chitalia**
E-mail : chitalia_v@yahool.com

**Sh. Dinesh Shah**
E-mail : dinesh shah@hotmail.com

**Sh. Parthiv Shah**
E-mail : parthiv@listlaunchers.com

PUBLISHED BY :
Pushtimargiya Vaishnav Sampradaya Sahitya Prachar Sewa Pariwar.

## નિકુંજનાયક શ્રીનાથજી

શ્રીઠાકોરજીના ચરણારવિંદમાં સદૈન્ય
તથા સાષ્ટાંગ દંડવત્ પ્રણામ સહ
પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાય સાહિત્ય
પ્રચાર સેવા પરિવારના પ્રચારકો-
પ્રશંસકો દ્વારા સમર્પિત.

## અનુક્રમણિકા

| ક્રમ | વિષય | પાના નં. | ક્રમ | વિષય | પાના નં. |
|---|---|---|---|---|---|
| 1 | અનુક્રમણિકા | 1 | 9 | અથ શ્રીમદ્ વલ્લભોપનિષત્ | 12-13-14 |
| 2 | કૃપા | 2 | 10 | આરતી–શૃંગારના પદ–નાઝીર | 14 |
| 3 | હાસ્યનો ઉજાશ | 3-4 | 11 | પુષ્ટિમાર્ગીય પ્રોટોકોલ્સ | 15-16 |
| 4 | શ્રીનાથજી ચરિત્ર કથા | 5 | 12 | પાંચ પ્રકારના વંદન (મંગલ પ્રાર્થના)... | 16 |
| 5 | Diwine Feeling Behind | 6 | 13 | શ્રીજીના આઠ સામાના દર્શનોના ભાવ.. | 17 |
| 6 | The Bondage of Desires | 7 | 14 | પ્રથમ મિલન | 18 |
| 7 | The Bondage... SOS TO SELF | 8 | 15 | પુષ્ટિ સંજ્ઞાઓ | 19 |
| 8 | અજોડ અલૌકિક વલ્લભકુળ જનનીને.. | 9 | 16 | તિથિ તોરણ | 20 |
| 9 | અષ્ટ સખા એજ અષ્ટ છાપ | 10-11-12 | | | |

## રાગ વસંત પદ -કીર્તન

ખેલત વસંત વલ્લભ કુમાર, શોભા સમુદ્ર બાઢીયો અપાર - ૧
શ્રી ગિરિધર ગિરિધરન સાથ, રંગ ભરત કનક પિચકાઈ હાથ - ૨
શ્રી ગોવિંદ બાલકૃષ્ણ જૂસંગ, છિરકત ડારત બહુ ભાતિ રંગ -૩
રસ ખેલત ખેલ ગોકુલ કે નાથ, કેશરી રંગ સોહત પાગ માથ - ૪
શ્રી રઘુપતિ જદુપતિ અતિ સુદેશ, ઘનશ્યામ સુભગ સુંદર સુવેશ - ૫
શ્રી કલ્યાણરાય લીલા રસાલ, મુરલીધર દામોદર કૃપાલ - ૬
શ્રી ગોપીનાથ બાલક વિનોદ, સેવક જન નિરખત મન પ્રમોદ - ૭
શ્રી ગોકુલ પરમ સુદેશ ધામ, મિલી ગાવત ગીત વિચિત્ર વામ - ૮
વાજત મૃદંગ મુખ ચંગ રંગ, વિના કરતાલ પિનાક ઉપંગ - ૯
કેસરિ ચોવા મૃગમદ ફૂલેલ, વ્રજભામીની છીરકત રેલ પેલ - ૧૦
ઝોરી ભરી ભરી ઉડાવત ગુલાલ, મુખ બોલત હો હો હોરી ગ્વાલ - ૧૧
યહ સુખ શોભા મોપેં કહી ન જાય, 'જનદાસ' નિરખી બલિહારી જાય - ૧૨

# કૃપા

ગો.શ્રીમથુરેશ્વરજી મહારાજશ્રી

ભગવાન જયારે જીવને પોતે જાતે બાંધી લે અને પોતાના ચરણાર્વિંદ તેના મસ્તક પર મૂકે આ મહાન કૃપા છે. યાદ રાખો જે જીવો ભગવાનથી બંધાય, એ જીવો જ ભગવાનને બાંધી શકે. શ્રીમહાપ્રભુજીનાપુષ્ટિ સિદ્ધાંતમાં એમ કહે છે કે તમો ભગવાનથી બંધાય જાવ તો તમે એને બાંધી શકશો. ભગવાનને બાંધવાનો એક સરળ ઉપાય એજ કે "તમે બંધાઈ જાવ, તમે એના બની જાઓ" તો કહે "મહારાજ એના બની જવાથી શો ફાયદો થશે ?" તો કહે "આ તમારો બની જશે." શું "એવું બને ખરૂં ?" તો "હા, બને ચોક્કસ બને" "કેવી રીતે બને ?" તો કહે "વ્રજભક્તોની જેમ બની જઈએ, વ્રજભક્તો એના બની ગયા તો એ વ્રજભક્તોનાં બની ગયા. તો વ્રજભક્તો એના બન્યા કેવી રીતે ? ખૂબ ખૂબ સરળ માં સરળ રસ્તો, જેના માટે તપ નથી કરવા પડયા, જપ નથી કરવા પડયા, સાધના નથી કરવી પડી, રિદ્ધિ સિદ્ધિ નથી મેળવવી પડી, એક જ શબ્દથી બની ગયાં. "હે કૃષ્ણ અમે તમારા છીએ તમે અમારા નાથ અને અમે તમારા સેવકો" બસ આટલુ જ હે પ્રભુ, અમે તમારા દાસ, સેવક અને તમે અમારા સ્વામી" આ ભાવો તમારા હૃદયની અંદર ઉતારી નાખો તો આપોઆપ તમે એના બની જશો. અને તમે જો ખરેખર એના બની ગયા તો આ પરબ્રહ્મ પરમાત્મા શ્રીકૃષ્ણ જે કદિ કોઈના બન્યા નથી એ તમારા બની જશે. કારણે કે પ્રભુ પ્રેમ ભૂખ્યા છે, એ ભાવના ભૂખ્યા છે, એ ભાવનામાં વસી રહ્યા છે. ભગવાન સર્વત્ર છે, કયાં નથી ? જડ – ચેતન સર્વમાં છે. પણ તમે આનો અનુભવ કેવી રીતે કરશો ? એ તમારા અંતરમાં, મારા અંતરમાં ને સર્વના અંતરમાં વસેલો છે, "ભાવનામાં વસી રહ્યો ભગવાન" ભગવાન ભાવનામાં વસી રહ્યા છે. જયારે તમે એમ ભાવના કરો કે અત્યારે મારી પાસે ભગવાન છે અને કોઈનામાં પણ એ ધારણા કરો અને એ ભાવનાની જયોત પ્રગટાવો ત્યાં ભગવાન તમારે ત્યાં હાજરા હજૂર થઈ ગયા સમજો !

## ● રાગ બિહાગ પદ ●

મોહનકો સુરમરણ કીજે મનમેં ;
બહાર પ્રગટ હોય સખીરી ; ધર્મ જાય એક છીનમેં - ૧
ભૂખ્યો રહે શાક ફલ ખાઈયત, અહાર કરીએ જળ ધનમેં ;
રસિક જો સુખનીંજ ચોબારે, સો સુખ નહિં ત્રિભુવનમેં - ૨

## ● રાગ બિહાગ પદ ●

શ્રી વલ્લભ ગુણ ગા, મન રે શ્રી વલ્લભ ગુણ ગા ;
વૃથા કાલકોં કયોં ખોવત હે, વેદ પુરાન પઢાય - ૧
શ્રી ગિરિરાજ ધરણ પાઈવિકો, નાહિન ઓર ઉપાય ;
રસિક સદા અનન્ય હોય કે, ચિત ઈત ઉત ન ડુલાય - ૨

# હાસ્યનો ઉજાશ

**શ્રી વ્રજનીશ શાહ**

માનવ અને દાનવ પૃથ્વી પરની બે વિભૂતિઓ અને અનૂભુતિઓ ! એક સ્નેહ, સેવા ને સમર્પણ નું પ્રતિબિંબ. બીજુ મદ, અહંકાર, અભિમાન, ઉધ્ધતતા, અવિનય વગેરે વગેરે. સારા વિચારથી માનવ બનાય છે. અવિવેક અને કુવિચારથી દાનવ બનાય છે. જીવનમાં ઉભરતી કરુણામયીતાની ભાવના ! છે તો કાંઈક બીજાને માટે કરવાની મનોવૃત્તિ ! પ્રભુને પ્રાપ્ત કરવાની વિરહ ભાવના. જયાં સારું કરવાનો વિચાર પ્રવેશે ત્યાંજ માનવતાનું પ્રાગટય !! આનાથી વિરુધ્ધ કાંઈ પણ કરવાનું મન થાય, ત્યાંજ દાનવતા.

મદ–અભિમાન ! વાતાવરણમાં, આપ સૌની આજુબાજુ ભટકતાને ભ્રમણ કરતાં દેખા દેતા મદ–અહંકાર–અભિમાન તો ક્ષણે ક્ષણે દર્શનિય હોય છે ! ને છે જ ! લૌકિક મદ કોઈ પણ સુકાર્ય માટે અતિ બાધક છે. તેથી કરીનેજ શ્રી હરિરાયજી મહાપ્રભુજી રચિત "મદત્યાગહેતુ" ગ્રંથ ! બાવીસ શ્લોક સભર ગ્રંથોનો વિચાર, અમલ માગી લે છે. માનવે માનવે મદ જુદા જુદા ભાવે પ્રતિતિ કરાવનારા હોય છે. જેવા કે રૂપનો મદ ! યૌવાનનો મદ ! દાનેશ્વરીપણા નો મદ ! શુર વિરતાનો મદ ! ધન નો મદ ! સત્તાનો મદ ! કાર્ય કારણનો મદ ! ઘણી ઘણી વસ્તાવિકતા ઓ જેમાં યેન કેન પ્રકારે મદનું દર્શન યા પ્રદર્શન જ હોય. સાચેજ જીવ મદાંધ છે. મદથી ભરપૂર છે. મદમાં આંધળો છે ! નાનામાં નાના મદનું અવિરભાવ પણુ નુકશાનકારક હોય જ છે.

જીવને ખબરજ નથી કે તારા લૌકિક અને વૈદિકે કાર્યો તો પ્રભુ પોતેજ સિધ્ધ કરે જ છે.

"લૌકિક વૈદિક આતો સ્વયં સાધયતિતા પ્રભુ : પણ વિદ્યા, ધન, અને કુળના લૌકિક મદ જીવનના અંતસુધી પણ છુટતા નથી ને છુટવાના પણ નથી જ ! સિવાય કે સદ્‌ગુરુકુપા, સત્સંગ, ભાવ ભક્તિ, સેવા, કીર્તન, ભક્તિ વર્ધક, રસ સાહિત્ય, શ્રીજી શરણ.........

કાંઈક કર્યા નો અને કરવાનો નાનો અંહકાર અંશ, મદ થી ઉભરતા ભકતો માટે, પ્રભુ પોતેજ પોતાના દીન અને નિ : સાધન જીવોનો આધાર છે. એક જ પ્રસંગ વર્ણવતા આનંદ અને દીનતાથી મન અને હૈયુ વારંવાર ભાવવિભોર બની ભરાય જાય છે.

વાત પ્રસંગ છે ૧૯૯૯ ની સાલ નો (૧૯૯૯) એક વૈષ્ણવ ગ્રુપ, બોસ્ટનથી 'વ્રજ' મંદિર પેનસીલવેનિયા (PA) જવાનું આયોજન કરી રહેલ હતું. સર્વે વ્યવસ્થા થઈ ચુકી હતી. દિવસ અને સમય પણ નકકી થહેલ હતા. આ આયોજનની ખબર મને મોડી પડી ! મને પણ 'શ્રીજી' દર્શનની આતુરતા લાગી મને પણ મન થયું, સંપર્ક નામ નંબર શોધી મેળવી" મારે પણ સાથે આાવવું છે." ની ઈચ્છા વિનમ્ર ભાવે કરી. મારી બેઠક પણ નકકી કરી. હાશ ! 'શ્રીજી' દર્શન બે દિવસ પછી થશે જ, મન એટલું ચંચળ છે ! હું વ્રજ મંદિર 'શ્રીજી' દર્શનાર્થે જવાનો છું. એ વાત બીજા વૈષ્ણવ ને થતા એઓશ્રીએ પણ મન કર્યુ. મોટી ઊંમર, મોટુ શરીર, મોટુ મન, મોટો વિચાર ! મને પણ થયું ! ચિંતા નથી.

'શ્રીજીબાવા' ની ઈચ્છા આ વૈષ્ણવને પણ સાથે લઈ જવાની હશે. બે વાન માટેના વૈષ્ણવો ભરાય ગયા હતા. એક કાર પણ વધારાની થઈ હતી. છેલ્લે હવે બે વૈષ્ણવો વધતા એક વધુ કારની સગવડ કરી. નિયત સમયે ભેગા થવા નું નક્કી થઈ ગયું.

'વ્રજ' માં જવાની ઉત્કંઠા ! 'શ્રીજી' દર્શન માટેની આતુરતા, રાત્રે નિંદ પણ ન આાવી વારંવાર ઝબકીને જાગી જવાતુ. સમય થયો ! જવાનુ ! જવાનુ... !! પરોઢિયે સવેરા ઉઠી ને તૈયાર થઈ ને ડ્રાઈવ કરી, જે વૈષ્ણવને સાથે લેવાના, એમને લઈને, મારે બીજા બે વૈષ્ણવને બરર્લિગટન થી ચેમ્સફર્ડ લઈ જવાના હતા. હમારે બરલિગંટન પ્રથમ જવાનુ હતુ. ઠંડી હતી. કારમાં ગરમી ! કાર ઘણી એવી ઝડપે ગતિથી રૂટ ૧૨૮ નોર્થ તરફ ગતિમાન હતી. આનંદની અવધિ સમાતી નહતી જઈ રહીયા છીએ ! આનંદ ની સાથે સાથે જરા અહંકારનો અહેસાસ પણ થઈ ગયો ! જે પ્રભુને ના ગમ્યુ. કયાંથી ગમે ! મારો ભક્ત દર્શનાર્થે તો દીન બનીને આવવો જોઈએ ને !!

→ પેઈજ–૪

ને ! ને !! ને !!! કોઈ પણ જાતના ખોટકાય જવાના કારણો વગર, ચાલતી કાર, ફક્ત બરલિગંટન પહોંચવાના સાત આઠ માઈલ દૂર જ હોયને હાઈવે પર લેવાની એકઝિટ પરજ બંધ પડી ગઈ. કેમ કરીને ચાલુજ ના થાય ! બધી રીતે વ્યવસ્થિત કાર અધ વચ્ચે !

એકદમ બંધ પડી ગઈ ! અહંકારનો એહસાસ તો દૂર રહયો પણ ગભરાટની ગંભિરતા વદન પર આવી ગઈ ! હવે શું કરું ? કેમ કરું ? કોણે આ વહેલી સવારે, સાડા છ સાતના સમયે સાદ પાડુ ? ચાર ચાર લાઈનનો હાઈવે અપ ડાઉન જતી સ્પીડી કારનો, ટ્રકનો ટ્રાફીક ! ઠંડી નો આવિસ્કાર આંખ રડું રડું થઈ ગઈ ! ભગવાનનું નામ સ્મરણ તો ચાલુજ  હતુ. પણ વધુ ને વધુ ચિંતા—યુક્ત મને વિરહતા થી ભરપૂર હૃદયે 'શ્રીજી' ને ! શ્રી વલ્લભ !! યાદ આાવવા માંડયા. શ્રી યમુનાજી નું સ્તવન, શ્રી નવરત્નમ્, શ્રી યમુનાષ્ટકમ્‌ના ધ્વનિ મનમાં ને હૃદય માં આદતથી થવા લાગ્યા. સેલફોન પણ ન હતો કે ૩૦ માઈલ દૂર ઘરે ફોન કરી મદદ મંગાવી શકાય. વારંવાર ઠંડી માં કારમાંથી બહાર નીકળી પસાર થતી કારોને અંગૂઠા ઊચા નીચા કરી મદદ માટેની આવશકયતા ને આતૂરતા દર્શાવી.

બીકન સમય, સ્પીડી ટ્રાફીક ૪૦/૪૫ ની ઠંડી રોડ ઉપર કોઈજ મદદ ના મળી. જે સમયે ચેમ્સફર્ડ પહોંચવાનુ હતુ એ સમય તો લગભગ રોડ ઉપર જ થવા આવ્યો ! હજી બરલિગંટન બીજા બે વૈષ્ણવને પીકઅપ કરવાના તેની ચિંતા ! ગભરામણનો પાર નહીં ! રોડ ઉપર રડી પણ ના શકાય ! રડાય તો આંખમાંથી ટપકેલા અશ્રુ ના બુંદ પણ બરફ—આઈસ– ઉપર પડતા આઈસ થઈ જાય ! નાનો સરખો અહંકાર આટલી મોટી સજામાં ફેરવાયને સામે ઉભો ‖ હાય ! હાય ‖ પણ ‖

શ્રી વલ્લભની કૃપા, શ્રી યમુનાજીની કૃપા, 'શ્રીજી' દર્શનની દીનતામયી આતુરતાનો સરવાળો પણ મોટો થયો.

ઠંડી થી રક્ષાયેલા દેહને ફરી કાર માંથીબહાર કાઢી, સેલ ફોન ની સૂચક સંજ્ઞા ને મદદ માટેનાં અંગૂઠાની ઊચી નીચી સંજ્ઞા કોઈકની આંખે પડીને ! એ આંખો હમોને શોધીને હમારી કારની નજીક આવી ! "વ્રજ" મા જવાનાં છો ? હું તમોને મૂકી જાઉ ! "હું આમ કરું ! ને તેમ કરું! " ચિંતા ન કરો ! " વગેરે વગેરે..... શબ્દોથી ધસી આવતા આંખનાં અશ્રુઓ ને રોકવા બોટલ ખોલી પાણી પીવાયુ. પીવાતા પાણીથી અશ્રૃ તો રોકાયા. વાત કરતા કરતા સ્વસ્થ થયા. મારી બગડેલી કાર છોડી ! ઘરે ફોન કરી કારને લઈ જવા વ્યવસ્થા કરવા દિકરા વહુને જણાવી. હમો બે જણા સાક્ષાત્ પ્રભુના સ્વરૂપ અમી પારેખની કાર માં બેઠા. ત્યાંથી બરલિગંટન બે વૈષ્ણવને લેઈને ચેમ્સફર્ડ જવા માટે નીકળ્યા. અમી સાથે વાત કરવાના હોશ પણ ન હતા. વારંવાર અમીનીઅણધારેલી સમયસરની મદદથી વારંવાર હૃદય દ્રવી ઉઠતું હતુ. દ્રવિત હૃદયના પ્રતિક સમા અશ્રુબિંદુ બહાર ન વર્તાય માટે બોટલમાંથી નાના નાના ઘુંટડે પાણી પીવાતુ હતું.

ચેમ્સફાર્ડ પહોંચ્યા ! બે વાનમાં જગ્યા નહતી. હમારે કારમાં બેસવાનું  હતુ. પ્રસંગનું વર્ણન અને વાત કરતા વારવાર આંખ ઉભરતી હતી.

'વ્રજ' પહોંચ્યા ! 'શ્રીજી' ના દર્શન પણ આદ્રભાવે ને દ્રવિત હૃદયે કર્યા ! આંખના અશ્રુ જોઈ 'શ્રીજીબાવા' પણ મંદ મંદ હાસ્ય ! ને 'હાસ્યનો ઉજાશ' પણ અંતરમાં પડયો !

હજી આજે પણ ૯૯ ની સાલમાં બનેલો પ્રસંગ મન અને હૃદયને વળોવી નાંખે છે !!

મદ ! અંહકાર નાં ત્યાગ પછી ! વિરહતાની અર્નેગળતા પછી જ વેકુંઠ નો નાથ 'વ્રજેશ', વિઠ્ઠલ, વનમાળી , 'શ્રીજી' વેષ્ણવની વહારે આવેજ  છે !!

વ્રજનિશ શાહ
સંપાદક
'પુષ્ટિ પ્રસાદ'
બોયડ્સ, મેરિલેન્ડ, યુ.એસ.એ.

સેવા જ જીવનનું શ્રેષ્ઠ કર્તવ્ય છે અને
તેથી જ ફલાત્મક ભક્તિ પ્રાપ્ત થાય છે.

# આધ્યાત્મિકતા : "શ્રી નાથજી ચરિત્ર કથા"-વ્રજ

ગતાંકથી.......

ત્રીજો પ્રસંગ છે કૃષ્ણભટ્ટનો, કૃષ્ણભટ્ટને ત્યાં કોઈ પણ વૈષ્ણવ જાય અને એ જયારે પાછા ફરે ત્યારે તેના મનમાં થાય કે હું તો ભર્યો ભર્યો પાછો ફરુ છુ. કૃષ્ણભટ્ટ ગોકૂલ પધાર્યા. શ્રીમહાપ્રભુજીએ કહ્યુ કે તમારે બે સેવા કરવાની છે. શૃંગારની સેવા અને મંગળાની સેવા. પ્રભુના દર્શન કરી જગાવવા તે મંગળા માધુર્ય ને વાત્સલ્યની સેવા એટલે શૃંગાર સેવા શૃંગાર સેવા મહત્વની છે. પરમાત્મા સામે ઉભા છે અને દર્શનનુ રસપાન કરીએ છીએ. કૃષ્ણભટ્ટ સુંદર શૃંગાર કરી લાડ લડાવતા હતા માટે દર્પણમાં પ્રભુને નિરખવાનો પ્રકાર છે. એ દર્પણમાં સ્વરૂપ આવે છે. એ સ્વરૂપ આપણા હ્રદયને અડાડીએ છીએ જે બતાવે છે કે પ્રભુ આપણા હ્રદયમાં છે. આજ રીતે સામગ્રી સેવા પણ અગત્યની છે. સામગ્રીમાં પોતાના ભાવોને અંદર રેડી દઈ ને પ્રભુ સેવા થાય. એકવાર શ્રીનાથજીએ ગુસાંઈજી ને કહ્યુ "યે તુમ્હારો કૃષ્ણભટ્ટ કૈસો ભટ્ટ હૈ, હમારે ચરણસ્પર્શ ભી નહીં કરતો હૈ ? યાને એકબાર ભી ચરણસ્પર્શ નાહી કીયો ?" કૃષ્ણભટ્ટ કહે પ્રભુ,ગુરુની આજ્ઞા વગર ચરણસ્પર્શ મારાથી ન થાય. જ્યાં સુધી ગુરુ ચરણસ્પર્શ કરવાનું ન કહે ત્યાં સુધી મારો અધિકાર નથી. શ્રીનાથજીને પુછો હું યોગ્ય છું ? મને શ્રીનાથજીએ અપનાવ્યો છે ? ઠાકોરજી આ સાંભળી પ્રસન્ન થઈ ગયા ને બોલ્યા હું સામે ચઢીને ચરણસ્પર્શ આપું છું કૃષ્ણભટ્ટ કહે હું માખી જેવો નથી કે ગમે ત્યાં બેસી જાઉં. પરમાત્માએ મને બુધ્ધિ, હ્રદય આપ્યાં છે. પ્રભુ યોગ્યતા આપશે ત્યારે માનીશ કે સાચા અર્થમાં પ્રસન્ન થયા. પ્રભુની કોઈ વસ્તું પ્રાપ્ત કરવી દુર્લભ છે અને સાચવવી તે તો વધુ દુર્લભ છે. પ્રભુ સામેથી ચરણસ્પર્શ આપે તો કૃપા કહેવાય. પ્રભુ સામે આવે છે. ચરણ કમળ જોઈ કૃષ્ણભટ્ટ મંત્રમુગ્ધ થઈ ગયા, ભૂલી ગયા, બેબાકળા થઈ ગયા. ચરણસ્પર્શ કરવા હાથ લંબાતા નથી. શ્રીગુંસાઈજીએ હાથ પકડયો. ગુરુ એ હાથ પકડી શ્રીનાથજીના ચરણ સ્પર્શ કરાવ્યાં. જ્યાં ચરણનો સ્પર્શ થયો ત્યાં કૃષ્ણભટ્ટ મૂર્છિત થઈ ગયા. શ્રીગુસાંઈજી બોલ્યા કૃષ્ણ ભટ્ટ હોશમાં આવો! તમારા પર મોટી કૃર્પા થવાની છે. ચરણારૂવિંદ ના ચરણ સ્પર્શ પ્રભુએ સામે આવી કરાવ્યાં છે. કૃષ્ણભટ્ટે હ્રદયપૂર્વક ચરણસ્પર્શ કર્યા. પહેલા આંખે પછી માથે લગાડયા અને હ્રદયમાં સ્થાપન કરાવ્યું. ચરણસ્પર્શ કેમ કરવાં ? હાથની આંગળીઓના ટીપ્સમાં (ટેરવામાં) એનર્જી છે ત્યાંથી એટલા જ "ઓરા" ડેવલપ થાય છે જેમાંથી ગુડ વાઈબ્રેશન પેદા થાય છે. પ્રકાશપુંજ જે પરમાત્મા ની પાછળ હોય છે તે હાઈ ઓરા છે જે દેખાતા નથી. ચરણસ્પર્શથી આપણે પોઝીટીવ એનર્જી મેળવીએ છીએ. આંગળીઓનાં ટેરવાથી શ્રીચરણારૂવિંદના ટીપ્સને સ્પર્શ કરવોનો પછી પ્રેમથી આંખો એ લગાડવા (આંખોમાં શ્રી ઠાકોરજીને સમાવ્યા) પછી મસ્તક બુધ્ધિમાં પધરાવીએ છીએ પછી હ્રદયમાં સ્થાપના કરીએ છીએ. કૃષ્ણભટ્ટ કહે છે હે ગુરુદેવ આપે મને ચરણારૂવિંદ ના સ્પર્શ કરાવ્યા છે તો મારી એક વિંનતી છે. આ ચરણસ્પર્શ મારે માટે નિત્ય થઈ જાય એવુ કરો? શ્રીગોવર્ધન ને કહો કે ચરણસ્પર્શ મને નિત્ય થતા રહે. મારા હ્રદયમાં ચરણારૂવિંદ નિત્ય થઈ જાય માટે સ્થાપના કરી આપો. આમ કૃષ્ણભટ્ટને ધ્રુવ અને પ્રહલાદથી પણ આગળ જઈ માંગતા આવડયું. પ્રભુએ નિત્ય ચરણારૂવિંદનુ સ્થાપન કરી દીધું. ધ્રુવને માગતાં ન આવડયું, માગી માગીને ભગવાન પાસે ભૌતિક માગણી કરી. માટે ભગવાને તેમને વૈકુંઠ બહાર અવિચળ સ્થાન આપ્યુ. જયારે પ્રહલાદજી એ પરમાત્માની નિત્ય પ્રભુની ભક્તિ માગી. કૃષ્ણભટ્ટે એથી ય આગળ વધીને પ્રભુના નિત્ય ચરણારૂવિંદ માં સ્થાપના માગી લીધી.

મહારાજ શ્રી સમજાવે છે કે શ્રી વલ્લભાધીશે જે આજ્ઞાઓ આપી છે તે બરાબર સમજો. જ્ઞાનને જડતાથી ગ્રહણ ન કરો સરળતાથી લો.ભક્તિ સાચવવા માટે સિધ્ધાંતો છે. સિધ્ધાંત નું પાલન જડતાથી ન કરવું સિધ્ધાંત જડ થવાનું સમજાવતા નથી. ભક્તિ ચાલી જાયતો જડ થઈ જવાય. જીવ પ્રભુ ને બધુ સમર્પણ કરે તે સમર્પિત સ્થિતિ છે. દેશ, કાળ, અને પરિસ્થિતિને ધ્યાનમાં લઈ સેવા ભક્તિ કરવી. પ્રભુ માટે સમય ફાળવવો મિસરીભોગ સેવા કરો, રાજભોગ કરો, સખડી ભોગ કરો. (એ સ્થિતિમાં જીવ આત્મા આગળ વધે તે અર્પણ કહેવાય છે. લઘુસ્વરૂપની સેવા કરવી. મોટી સેવા ઘરમાં પધરાવી નહીં. પુષ્ટિપુરુષોત્તમ નો આવિર્ભાવ કરાવી પ્રભુનું સેવન કરવું......

સંકલન : શ્રી ગુણવંત સોની,
કોલેજ વીલ ટાઉન, પેન્સિલવેનિયા, અમેરિકા.

ક્રમશઃ......

# Divine Feelings Behind Form Of God

Shri Harirayji describes beautifully in ' Shikshapatra' the divine feeling that pervade behind the form of shri krishana as a child.

Bal Krishana Prabhu looks splendid and marvelous in the lap of Shri yashodaji, Shri yashodaji has khit the locks of hair of Shri krishana His forehead looks marvelous on account of string holding pearls. His curly hair moves to and fro. His forehead looks lovely on account of 'U' mark of 'Kasturi' (fragrance emanating from musk-deer). The String holding pearls looks lovely from the middle of His forehead to His ears.

'Kamal patra' (the leaf of lotus) is painted on both of His cheeks With saffron. The ear-rings move to and fro and their light looks brilliant on His cheeks. The ornament of diamond looks splendid on His chin. We find presence of Collyrium in His eyes. There is a black dot near His eyes so that nobody can have an evil look on Him.

He - Balkrishana Prabhu - acquaints devotees of Vrija With knowledge of His Divine Form winded the help of His nester lips. He sucks the thumb inside His lotus-like face thus, He shows the actions, movements and motions of embodied souls engrossed in devotion. He has assumed an ornament of ' Kantheshri' in His neck. There is also a garland of beads of gold near it.

The nails of tiger looks lovely (Vaghnakh) on His heart. There is also a garland Studded with pearls and beads on His belly His auspicious hand are well-decorated with bangles, studded gems along with flowers that look silky. He has put on ten rings on His fingers. There is a beautiful Waist-band around His waist and it is well-knit in side the silken cloth. His louts-like feet are decorated with tinkling anklets and devotees of vrij a get infatuated on seeing them.

The moon looks pale and dull as compared to the rays of moon that emanate from His ten nails of feet. He has not put on many garments as He is a Child. His laughter looks lovely on His lotus-like face. His outward appearance is crore times more beautiful than Kamdev. Thus Harirayji commands us to remember and recollect the divine feelings (Swaroop Bhavna) that pervade behind the From of Divine as a child

**Prof. Niranjay. G. Bateriwala**
**M. A. M. Phil**

# THE BONDAGE OF DESIRES

The path Pustimarg is the path of self realisation of the Lord and that there is no place of existence of the enemies like desires and anger. Shri Mahaprabhuji has repeatedly ordained for conquering the same through media of coinciding once ego and sense of miness, in the cause of the Lord only, The substance of which, as written by Shri Hariraiji as under :

"Pustimargiya Vaishnav should always remain away from desires, which abolishes everything. The sense of desires in the out come of materialism "Rajoguna" which will only crave in illusion not worth for deity as there is no end to it. The quenching of desire begets others and makes one unhappy. The person with 'kama' (Desires) cannot and get experience of the lord in Bhaktimarg which is the path of ardent desire forgoing everything and anything except our prabhu Shri Krishna his LILA particularly BALLILA For that. The conscious (chitt) should be clear and transparent as no room for worldly desire which is the cause of pollution which spoils the path of SWADHARM.Non fulfilment of desire creates anger, and loss of "VIVEK' and the person go astray. The knowledge is forgotten on account and by greed, the devotion itself is being heavily damaged. This is taken from standard book and essence and philosophy on Pusty TATVA.

Greed comes out of desires when we try to concentrate our sense organs in cause of Lord's pleasure, there is experienced great force to disturb our efforts and tries to withdraw the same concentration and drag towards the worldly affairs. As a matter of fact the greedily persons have no satisfaction. The man of this status while preforming SEVA, if there desires are not materialised, the greedy person's greed becomes more powerful weapon. Greed is bad. Even dedicated devotion also is being injured. Perform unwarranted works and enjoy unwarranted things. In brief, the man with desires will do anything wrong. He will go any where and also demand anything which is not ethical and is totally undesirable.

Great person like Agnidhra, Kashyap, cut poor figure because of desires sex. Form the above it can be easily understood that the ordinary, the soul perishes on account of his desires, anger and greed. Great Ravana destroyed himself on account of sex anger. Hiranakashipu also met his fate on account of above, one has to overcame and cross the mountains of desires and greed for Shri Krishna darshan. The Lord does not accept the services of the

⟶ See Page-8

greedy person whose mind is polluted by desires, anger & greed. Recital of the virtues of the lord only brings dedication to the lord and brings unattachment. This will not be liked by greedy person. Shishupal destroyed himself on account of his sheer anger only.

Shri Mahaprabhuji in "SANYASH NIRNAY" ordains that "Bhagavad Avesh" cannot emerge in the conscious in presence of vices and desires in the human body.

Summary :-

The Lord dose not accepts services of the angry person who is full of desire as his mind is filled with desires & anger as such cannot, concentrate on the Lord that is why such vice & the greed are in contrast of path of devotion because of the subject matter of Eating, Drinking & other luxary remains before him as important that is why the Lord would not take shelter account of absence of prudence and patience. Such angry persons with vices are simply hypocrates if they pose themselvs as, vishnava. The path of Shri Mahaprabhuji is for selfless & transperant persons who have virtual love for the

SHRI HARI

## SOS TO SELF

SOLITUDE,SACRED,SERMON STATES
'SLEEPING SOUL SHOULD
STANDUP, SERCH, SEEK & SURRENDER
UNTO
SWEAT, SIMPLE SHELTER OF
SINCERE SUBLIME
SUPREME SOUL,
SITTNG IN SOME - WHERE SILENTLY, WITHIN SELF,
SHOWERING SELFLESS SERVICE, &
SHRINE LIGHT WITHIN
&
SYNCRONISE SCIENCE OF SELF

BHANUBHAI DOSHI

## God lives in you

We worry about our tomorrow, Missing the joys of today.
Troubled about what may happen, Yet tomorow may not come our way.
Life's pathway is ever uncertain, Right now is what is yours and mines.
The future is safe in Gods keeping, We can live but one day at a time.
So life is worth living it all has a plan, When God knows you are giving.
The best that you can, The Saint and the Sinner.
The great and the Small, We are all Gods children & He loves us all.
Life is worth living when God lives in you.

## ''અજોડ અલૌકિક વલ્લભકુળ જનનીને ભાવાંઝલિ''

**પરમ આદરણીય સ્નેહાળ યુવામિત્રો**

તપ–ત્યાગ અને સંસ્કારમુર્તિ એવાં નિ.લિ.પુ.પા ચંદ્રપ્રભાવહુજી 'ભાભીજી' મહારાજશ્રીના ચરણકમળોમાં શત શત પ્રણામ

વૈષ્ણવમહિલા મંડળના આધ્યસ્થાપક, વૈષ્ણવોનો વિસામો અને દીવાદાંડી એવાં ઘડિયાળી પોળના શ્રીનાથજી બાવાના લાડીલા ભાભીજી મહારાજશ્રીને હ્યદયથી વંદન સોળમાં વર્ષે પ્રભુતામાં પગલાં માંડી, 'સરોજીની' માંથી 'ચંદ્રપ્રભા' બન્યાં. સાવ અજાણી ભાષા, લોકોથી અપરિચિત છતાં ટુંક સમયમાં, સાકર દુધમાં ભળે તેમ 'પુષ્ટિ' ને આત્મસાત કર્યુ ઘર પરિવારને ગુરૂકુળ બનાવી, ભગવત સેવાનું કલાત્મક જ્ઞાન મેળવી, દૈવી યોગદાન કર્યુ. વ્રજભાષા–ગુજરાતી સાંપ્રદાયિક વાંચન દ્વારા, પુષ્ટિમાર્ગ રહસ્યમાં આગળ વધતાં અક્ષયપાત્રનો ચમત્કાર કરી, 'પ્રસાદી' દ્વારા વૈષ્ણવજનોને પરિતૃપ્ત કર્યા. સેવા–સ્મરણ–સત્સંગમાં તરબોળ બની, ભગવદિય વૈષ્ણવોને તનુનવત્વ જતાવ્યું 'જનની' ના પદને અનોખું ગૌરવ આપી, અમુલ્ય રત્નો પુષ્ટિસમાજને ભેટ કર્યા. આ રત્નોએ દેશ–વિદેશમાં વિલક્ષણ પુષ્ટિજ્ઞાન દ્વારા પુષ્ટિસંપ્રદાયને પુષ્ટ કર્યો. સામાજિક આધ્યાત્મિક કાર્યોમાં, પ્રૌઢાવસ્થા–જીવનસંધ્યાના સુવર્ણકાળમાં સત્સંગ–નિત્ય શ્રીમદ્દ્ભાગવત–સંસ્કૃત પાઠ તથા સર્વના સ્વાસ્થ્ય માટે ઘરગથ્થુ દવાઓની સ્મૃતિ ચિરંજીવ બનાવી ''ત્રિદુઃખ સહનં ધૈર્યમ્''નો જીવનમંત્ર આત્મસાત કરી, દુઃખી ઓના આંસુ તથા ભૂખ્યાને ભોજનનો આ પુષ્ટિકાળની વલ્લભકુળની જગતજનનીએ, પોતાનામાંનો દિવ્ય પ્રકાશ બહાર પાથરી દેશ–વિદેશમાં 'મા'ની દુઃખ ઉજાળનાર સાક્ષર રત્નોની લ્હાણ કરી વાડી, દાળીઆ પોળના મારાં સ્વ.પુ.માતૃશ્રી 'કમળાબેન'ના આધ્યપૂજનીય આ 'ભાભીજી' એ અનોખી રીતે, અમો સૌ કુટુંબીજનોમાં દિવ્ય જયોત પ્રગટાવી મારા પુ.ગુરૂદેવ શ્રીમથુરેશ્વરજીએ ડગલે પગલે, આ જનનીના ઋણના અલૌકિક ગુણગાન ગાયા. જનનીને વિવિધ રીતે અલૌકિક ઝાંખી આત્મસાત કરાવી તૃપ્તિનો આનંદ આપ્યો કેમ જાણે, સ્વામીનીજી–ઠાકોરજીએ અલૌકિક ચમત્કાર સર્જી આ દૈવી જીવને, અલૌકિક રૂપોની ઝાંખી કરાવી પોતાનામાં સમાવી લીધા! આવાં અમારા વંદનીય પ્રાતઃસ્મરણીયાં માતૃ સ્વરૂપ વલ્લભકુળ જનનીને 'કિંકર' સહ અમો સૌ પરિખ પરિવારનાં શ્રીચરણોમાં કોટિ કોટિ વંદન

" 'ચંદ્ર પ્રભાએ' વિદાય લઈને, ગિરિકંદરામાં વાસ કીધો
ગિરિરાજજીએ પ્રસન્નવદને, પોતાનામાં સમાવી લીધાં
મથુરેશજી–જીજીની દોહયલી જનની, વલ્લભકુળ દીપકોને પ્રગટાવી ગઈ,
કસ્તુરીની સુગંધ દ્વારા, વલ્લભકુળને સુવાસિત કર્યુ
'કિંકર' ના હૃદયાકાશમાં પ્રકાશ પાથરી
જનનીની અજોડ જોડ અદ્રશ્ય બની."

વિનોદ મો. પરીખ 'કિંકર'

### રાગ વસંત પદ

છીંટ છબીલ તન સુખ સારી પ્યારી પહેરેં સોહે ;

નવલ લાલ રસ રૂપ છબીલો, નિરખત મનમથ મોહે. – ૧

કેલિ કલા રસ કુંજ ભવન મેં, કીડત અતિ સુખ હોહે;

હરિદાસકે સ્વામી શ્યામા કુંજ વિહારી, ઉપમાકો કહીયે કોહે. – ૨

ગાંધી મનહરલાલ પુંજીલાલ (હરસોલ) ના સર્વે વૈષ્ણવોને જયશ્રી કૃષ્ણ.

# અષ્ટ સખા એજ અષ્ટ છાપ કીર્તનકારો

સંકલન : પ્રધ્યુમ્ન સી. રાયજીવાળા

શ્રી ઠાકોરજી સન્મુખ ગવાતા કીર્તનો જેમાં સાક્ષાત પૂર્ણ પુરુષોત્તમ શ્રીકૃષ્ણની વ્રજલીલાઓનો વર્ણન છે. જેવું સ્મૃતિમાં આવે–જેવા દર્શન થાય, તેવા કીર્તનો ગવાયા છે. આ પદોની રચના અષ્ટછાપ કીર્તનકારોથી થયેલી છે. આ આઠ કીર્તનકારોમાંથી ચાર શ્રી મહાપ્રભુજીના સેવકો છે જેમકે (૧) શ્રી સુરદાસ (૨) શ્રી કૃષ્ણદાસ (૩) શ્રી પરમાનંદદાસ અને (૪) શ્રી કુંભનદાસ અને શ્રી ગુંસાઈજી પ્રભુચરણના ચાર સેવકો છે જેમકે (૫) શ્રી ચતુરભૂજદાસ (૬) શ્રી નંદદાસ (૭) શ્રી છીતસ્વામી (૮) શ્રી ગોવિંદદાસ

હવે આ અષ્ટછાપ કીર્તનકારોનો અષ્ટસખા સાથે શું સબંધ છે ? સારસ્વત કલ્પમાં કૃષ્ણાવતાર સમયે પરમાત્મા શ્રીકૃષ્ણ સાથે લીલામાં સહભાગી થનાર, શ્રી ઠાકોરજી સાથે નિત્ય ખેલનાર પ્રભુના મિત્રો એટલે સખા આઠ છે.

શ્રી પ્રભુએ વ્રજમાં ૧૧ વર્ષ અને ૫૨ દિવસ બિરાજીને જે લીલા કરી તે લીલાઓના સહભાગી આ અષ્ટસખાઓ છે. પ્રભુ સાથે ખેલનાર, કીડા કરનાર આ અષ્ટસખા ઓનો પરિકર શ્રીઠાકોરજીએ પોતાની લીલાઓ પ્રગટ કરવા અને ભૂતલ પર દૈવીજીવોને તેનું યશોગાન કરી, પોતાનામાં સ્નેહ પ્રગટ કરવા આ અષ્ટ સખાઓને અષ્ટછાપ કીર્તનકાર રૂપે પ્રગટ કર્યા અને તેઓશ્રી ને પ્રભુકૃપાથી પ્રભુની લીલાના જે સમયે દર્શન થયા તે તેમણે કીર્તનમાં વર્ણવ્યા છે. તેઓશ્રી એ કીર્તન દ્વારા પ્રભુની લીલા જગતમાં વલ્લભી વૈષ્ણવો માટે પ્રગટ કરી.

અષ્ટ છાપ કીર્તનકારોમાં કવિત્વ શકિત, ગાન શકિત અને વાદ્ય શકિતનું દાન, પ્રભુએ કર્યું. તેથી તેમનું તેમાં પ્રાબલ્ય છે. સ્વને થયેલા પ્રભુ લીલા અનુભવોની સુંદર પદોની રચના તેમણે હવેલી સંગીત–ધમાર પધ્ધતિથી કરી અને પોતાના મુખથી તાલબધ્ધ રીતે તે રચનાનું ગાન કરી, વૈષ્ણવ જગત આગળ તે લીલાઓ ગોપનીય ગાંભિર્યથી પ્રગટ કરી. આ અષ્ટછાપ સાહિત્ય એ વલ્લભી વૈષ્ણવોનો અદ્દ્ભૂત ખજાનો છે અને એમનો આ અમૂલ્ય વારસો છે. દિવસ દરમ્યાન સખા અને રાત્રીએ સખીરૂપથી આ આઠેય પ્રભુની લીલામાં મગ્ન છે. જેમની વિગત પૂર્ણ મહિતી નીચે મુજબ છે.

## ✽ સૂરદાસજી

સૂરદાસજી સૂરસાગરથી ઓળખાય છે. પુષ્ટિ સાહિત્યનો વિકાસ કર્યો (સૂરદાસજી વિ.સં. ૧૬૪૦માં ભગવત્ લીલાધામમાં પધાર્યા) સૂરદાસનું પદ દ્રઢ ઈન ચરણન કેરો ભરોસો....જે આપણે આશ્રયના પદના રુપમાં ગાઈએ છીએ તે સ્પષ્ટ કરે છે કે સૂરદાસજીએ શ્રીમહાપ્રભુજી, શ્રીગુસાંઈજી અને શ્રી ઠાકોરજીને એકજ સ્વરૂપ જાણ્યા છે. તેમનામાં કોઈ ભેદ જોયો નથી.

## ✽ કૃષ્ણદાસજી

કૃષ્ણદાસજીની ચાતુરાઈ અને પ્રતિભા લક્ષમાં લઈ શ્રીમહાપ્રભુજીએ કીર્તનની સેવા સાથે અધિકારી પદ પણ આપ્યું. શ્રીનાથજીનો અધિકાર તેમને સોંપ્યો. અધિકારીજીએ એ એવો નિભાવ્યો કે બીજા કોઈએ એવો અધિકાર કર્યો નહોતો. શ્રીનાથજીના ભંડારનું નામ તેમના પરથી કૃષ્ણભંડાર કહેવાય છે.

## ✽ પરમાનંદદાસજી

જન્મના દિવસે તેમના પિતાને, પુષ્કળ દ્રવ્ય કોઈ યજમાન તરફથી મળ્યુ તેથી તેમનું નામ પરમાનંદ રાખ્યું. પરમાનંદજીના ખાસ કરીને બાળલીલાનાં પદો વિશેષ છે. ઉપરાંત અનેક વિધ પદો સાનુભાવથી રચ્યાં છે. તેમનાં કીર્તનોનું ગાન કરી, ભાવપૂર્ણ સમજવાથી પરમાનંદની પ્રાપ્તિ થાય છે. તેઓ ખાસ કરીને મંગલામાં કીર્તન કરતાં.

## ✽કુંભનદાસ

કુંભનદાસને સાત પુત્રો હતાં, પરંતુ તેઓ પોતાને દોઢજ પુત્ર માનતાં કારણકે ચતુર્ભુજદાસ નામસેવા અને સ્વરૂપસેવા બન્ને કરતાં અને કૃષ્ણદાસ શ્રીનાથજીની ગાયોની સેવા કરતાં. પ્રેમલક્ષણા ભક્તિમાં મગ્ન રહેતા. તેમણે નિકુંજની લીલાના ગુણગાન ઘણા કર્યા છે. અનેક પદોની રચના કરી છે, જે પ્રભુ સન્મુખ ગવાય છે. કુભનદાસજી "રસકંદ" કહેવાય છે. શ્રીનાથજીનો ક્ષણવારનો વિરહ તેમને અસહ્ય લાગતો, એવી શ્રીનાથજીમાં આસક્તિ હતી. શ્રીનાથજી પણ તેમને "કુંભના" કહી બોલાવતાં. તેઓ શ્રીનાથજી સન્મુખ રાજભોગ સમયે કીર્તન કરતાં.

## ✽ચતુર્ભુજદાસ

ચતુર્ભુજીદાસનું પ્રાગટય કૃષ્ણાવતારમાં વિશાલ સખાનુંપ્રાગટય છે. કુંભદાસને એક વાર શ્રી ગુસાંઈજીએ આશિર્વાદ આપ્યા કે તમારે ત્યાં એક ભગવદ્ ભકત પુત્ર થશે. તે આશિર્વાદથી ચતુર્ભુજદાસનો જન્મ થયો. એકવાર શ્રીનાથજી સાથે માખણચોરી કરવા ગયા હતાં. ત્યાં પ્રભુનું પિતામ્બર સરકી જવાથી શ્રીનાથજીએ બે શ્રીહસ્ત પ્રગટ કરી પિતામ્બર સરખુ કર્યું. આ દર્શન કુંભનદાસજીને થયા. તે સમયે પુત્રજન્મની વધાઈ મળતાં તેમનું નામ ચતુર્ભુજદાસ રાખ્યું. જન્મ પછી એકતાલીસમે દિવસે શ્રીગુસાંઈજીથી બ્રહ્મસંબંધ થયું. શ્રી ગિરધરજીના પ્રાગટય બાદ શ્રીગુસાંઈજી વ્રજમાં પધાર્યા. તે સમયે ચતુર્ભુજદાસ શરણે આવ્યા છે. ચતુર્ભુજદાસને સાનુભાવ હતો. બાળપણમાં એક પુષ્ણ ઉમંર વાળા બની ભગવદ્ વાર્તા કરતાં. ચતુર્ભુજદાસની વધાઈઓ સાત બાળકોના પ્રાગટયની વધાઈઓમાં પણ છે.

## ✽નંદદાસજી

તેમને બાળપણથી ગાન વિદ્યાનો શોખ હતો અને સારા એવા વિદ્વાન હતાં. કવિતાઓ રચતા, સંપ્રદાયમાં પ્રવેશ પહેલા રામાનંદી સંપ્રદાયના શિષ્ય હતા. પહેલા તેઓ ખુબ જ વિષયાસક્તિ હતાં અને વિલાસી હતાં. શ્રીગુસાંઈજીની કૃપાથી તેમની આસક્તિ પલટાઈ, વ્રજમાં નિવાસ માનસીગંગા ઉપર હતો. શ્રીગુસાંઈજીની કૃપાથી તેમને ભગવદ્લીલાનો સાનુભવ થયો અને અનેક પદોની રચનાઓ કરી. લગભગ ચારસો પદોની રચનાઓ ઉપલબ્ધ છે. નંદદાસજી પદો ઉપરાંત છંદોની પણ રચના કરતાં. રાસપંચાધ્યાયી, ભ્રમરગીત, પંચમંજરી, સુદામા ચરિત્ર, શ્યામ સગાઈ વિગેરે છંદરુપમાં ગ્રંથો છે. "શ્રૃંગાર" દર્શનમાં શ્રીનાથજી સન્મુખ કીર્તન કરતાં. તેમની આસક્તિ રાસલીલામાં વિશેપ હતી. એકવાર એમના ભાઈ તુલસીદાસ વ્રજમાં મળવા આવ્યા. તુલસીદાસ રામચંદ્રજી સિવાય કોઈને નમતા નથી. નંદદાસજીએ શ્રીનાથજીને વિનંતી કરી પદની રચના કરી.

કહા કહું છબિ આજકી, ભલે બિરાજો નાથ, તુલસી મસ્તક તબ નમે જબ ધનુષ્ય બાણ લેહો હાથ, તુરતજ શ્રીનાથજીએ તેમને રામચંદ્રજી સ્વરુપે દર્શન કરાવ્યા અને તુલસીદાસે મસ્તક નમાવ્યું.

કિત મુરલી કિત ચંદ્રિકા, કિત ગોપિયનકો સાથ, અપને જનકે કારંણે શ્રીકૃષ્ણ ભયે રઘુનાથ

## ✽ગોવિંદ સ્વામી

આપણા સંપ્રદાયમાં પ્રવેશ પહેલાં તેઓ ગૃહસ્થાશ્રમમાં હતા. તેમને એક દિકરી હતી અને કાનબાઈ નામે એક બહેન પણ હતા. તે પ્રથમથી જ કવિ અને ગાયક હતાં. ગાન વિદ્યામાં આચાર્ય જેવા ગણાતાં. સ્વામી હરીદાસજીના શિષ્ય અને અકબરનાં રત્ન સંગીત સમ્રાટ તાનસેનજી પણ તેમની ભક્તિ સંગીતનું જ્ઞાન મેળવી, શ્રીગુસાંઈજીના સેવક થયાં, પહેલાં પોતે સેવકો કરતાં તેથી "સ્વામી" કહેવાતા. તેજ ગોવિંદ સ્વામી "સ્વામી" મટીને સેવક થયાં, અને ગોવિંદદાસ કહેવાયા. આ શ્રી ગુસાંઈજીની કૃપાબળનુંજ પરિણામ છે. તેમને ભગવદ્ સાનુભાવ હતો અને ભગવદ્ લીલાનાં દર્શન થતાં. તે પ્રમાણે પદો બનાવતાં અને શ્રીગુસાંઈજી સન્મુખ ગાતાં. હિંડોળામાં પ્રાંરભ અને વિજયમાં ગોવિંદ સ્વામીના ચાર પદો ગાવાની સંપ્રદાયની કીર્તન પ્રણાલિ છે. હિંડોળામાં ટિપરાના શ્રૃંગાર વિશેષ આવે. જેમાં ગોવિંદ સ્વામિને વિશેષ આસક્તિ હતી. આ સાહિત્ય ભગવદ્ સાનુભાવ કરાવવા માટે અને પ્રભુમાં સ્નેહ કરાવવા માટે સાધનરુપ છે.

→ પેઈઝ નં ૧૨......

## ❊ છીત સ્વામી

પ્રાથમિક જીવનમાં એક પ્રખ્યાત ગુંડા તરીકે જાણીતા હતા. પરંતુ એકવાર ત્રણ મિત્રો સાથે ખોટું નાળિયેર અને ખોટો રુપિયો લઈને શ્રીગુસાંઈજીની પરીક્ષા કરવા ગોકુલ ગયા. શ્રીગુસાંઈજીએ ખોટું નાળિયેર અને રુપિયો સાચો કરી બતાવ્યો. આ ચમતકારથી છીતસ્વામીનું હ્રદય પલટાઈ ગયું અને તુરંતજ શ્રીગુસાંજીને શરણે આવી સેવક થયા. છીતસ્વામીને સાનુંભાવ થયો અને ભગવદ્લીલાના તેમજ ગુસાંઈજીના વધાઈના અનેક પદો રચ્યા છે. તેમનાં લગભગ બસ્સો પદો મળે છે. તેમના પદોમાં "છીતસ્વામી ગિરિધરન શ્રીવિઠ્ઠલ" થી છાપ જોવા મળે છે. તે પ્રમાણથી સમજાય છે કે તેમને શ્રીગુસાંઈજીના તથા શ્રીઠાકોરજીના સ્વરૂપમાં ભેદ જાણ્યો નથી. "તેઈ એઈ, એઈ તેઈ, કછૂ ન સંદેહ" એક પદમાં પોતાનો ભાવ એજ પ્રકારે પ્રગટ કર્યો છે. છીતસ્વામીને શ્રીગુસાંઈજીના સ્વરૂપમાં વિષેશ આસક્તિ છે. શ્રીનાથજીમાં તે સંધ્યાઆર્તિ સમયે કીર્તન કરતાં. ક્રમશ :......

## ॥ અથ શ્રીમદ્ વલ્લભોપનિષત્ ॥ ॥ પંચમ પ્રપાઠકઃ ॥

પ્રવકતા : શ્રી મધુસુદન ચિમનલાલ શાસ્ત્રીજી

અથ વૈશ્વાનરાડથર્વાડ્રિગરસ વ્યાખ્યા શ્યામઃ
બ્રહ્માઋષિ/ગાયત્રી છન્દ/ આદિનારાયણ દેવતા/ભગવત્ પ્રાપ્તિ રીતિ બીજમ/
શ્રી યમુનાડષ્ટસિધ્ધિ શકિતઃ/ શ્રી ભાગવતાદિ નારદપાંચરાત્ર સંયુકતં કીલકમ/
કૃષ્ણાધરામૃતાસ્વાદ સિદ્ધયર્થે વિનિયોગઃ/ અષ્ટસખા સ્વરારઢેન કીર્તન બીજેન શ્રી બાલકૃષ્ણ
ચરણાશ્રિતાનાં સંસ્થિતમ/ દિવ્યવર્ણ શ્રીમદ્ ભાગવતાદિ મધ્યે પ્રતિપાદિતમ મોદકધારકં
શ્રીબાલકૃષ્ણા સ્વરૂપં સ્વ દક્ષિણકરકમલે સ્થાવપિત્થા ધ્યાન મગ્નં શ્રીવદનાનલબ્તાર રુપં
શ્રીવલ્લભં જાનાતિ સર્વે વૈરાગ્યપૂર્ણા વૈષ્ણવેતિ//

શ્રી વલ્લભ આત્મા જગતઃ/ શ્રી વલ્લભાદેવ ખલુઈમાનિ ભૂતાનિ જાયતે/ તસ્મિન્નેવ પુનઃ સંમિલન્તિ નમસ્તં વલ્લભં સએવ પ્રત્યક્ષં કર્મ કર્તાસ્તિ/ સએવ વિષ્ણુઃ/ સ એવ રુદ્રઃ/ સએવ જયોતિસ્વરૂપોડસ્તિ/ સએવ ઋગ યજુ સામાર્થ વેદ સ્વરૂપોડસ્તિ/

શ્રીમદ્ વલ્લભાદેવ પંચ મહાભુતા જાયન્તે/ તસ્મિન્નેવ પુનર્વિબિયન્તે/ કિલ તત્વમ્ તસ્મિન વિધતે તત્ તત્વં મૂલ બીજમંત્ર રુપમ//

નમો વલ્લભાય વદનોડનલાવતારરુપાય મૃત્યોમાંપાહિ પાહિ સ્વાહા//
નમો વલ્લભાય અગ્નિ સ્વરૂપાય ભ્રાજિષ્ણવે વિશ્વહેતવે પતિ મેકુરુતે નમઃ
સ્વાહા ॥

ૐ કિલં નમો વલ્લભાય વિદ્મહે આાનન્દમયાયધીમહિ, તન્નો જ્ઞાનમયો
પુષ્ટિમયો વિજ્ઞાનમયો જયોતિર્મયો પ્રચોદયાત સ્વાહા//
શ્રી વલ્લભઃ પ્રશ્ચાતાત્ શ્રીવલ્લભઃપુરુસ્તાત શ્રીવલ્લભોત્તરાત્તાત્ શ્રીવલ્લભોધરાત્તાત્//
શ્રીવલ્લભઃ નઃ પાતુ, શ્રીવલ્લભઃ રક્ષતુ, શ્રીવલ્લભઃ પૂરયતુ યોગક્ષેમમ્//
શ્રીવલ્લભેત્યાક્ષર બ્રહ્મ યોજાનાતિ સ વિમુચ્યતે ચનેય/ યઃ સદા જપતિ શ્રીવલ્લભઃ હે શ્રીવલ્લભઃ સ રાસે રમતિ/ સકીર્તિમાન ભવતિ/ ત્રિકાલં યો જપતિ શ્રીબાલકૃષ્ણ વિગ્રહ સમીપે સ્મરણપૂર્વકં સસમાનો ભવતિ
સર્વતઃ આનન્દં અનુભવતિ યતોહિ યઃ આનન્દરુપં બ્રહ્મરુપં શ્રીવલ્લભં ધ્યાયતિ, ગાયતિ, સ્મરતિ જયતિ સ મહામૃત્યં તરતિ ઈહ ચાન્દમયો ભૂત્વા ગોલોકે શ્રીબાલકૃષ્ણ સમીપે રાસ રમણે અનુગ્રહમર્યો ભવતિ/
ઈદં અશિષ્યાય, નાસ્તિકાય, બ્રહ્મસંબંધ રહિતાય અભક્ષ્યભક્ષિતાય, અપેયપેય વરાયણાય એષા, શ્રીમદ વલ્લભોપનિષદ વિદ્યા નદેયા નદેયા//
//ઈતિ વલ્લભોપનિષત્ વિદ્યા// //ઈતિ પંચમઃ પ્રપાઠકઃ સમાપ્તિ//

### ભાવાર્થ

અથ શ્રીમદ્ વલ્લભોપનિષત્ (પંચમ પ્રપાઠકઃ)

અથ–હવે વૈશ્વાનર પ્રભુનું આંગિરસ ઋષિ વિસ્તૃત વર્ણન કરશે. બ્રહ્માઋષિ, ગાયત્રિ છંદ આદિનારાયણ દેવતા. ભગવાનની પ્રાપ્તિ એ જ રીતિ બીજ છે. શ્રી યમુનાજી અષ્ટ સિધ્ધિ

→ પેઈઝ નં ૧૩......

તેજ આ શકિત છે. શ્રીમદ્ ભાગવતાદિ નારદપાંચરાત્ર બંને સંયુકત કીલકમ્ ઉપરાંત શ્રીકૃષ્ણાધરામૃત સ્વાદની સિધ્ધિ પ્રાપ્ત થાય. તે માટેજ વિનિયોગ છે. અષ્ટ સખાના સ્વરૂપ ઉપર આરૂઢ થયેલા કીર્તન બીજથી શ્રી બાલકૃષ્ણ ચરણ આશ્રિતોને આનંદ સુંદર પ્રભુમાં સ્થિતિ એજ ફૂલ

દિવ્યવર્ણ શ્રીમદ્ ભાગવતાદિની મધ્યમાંજ પ્રતિપાદિત મોહકને ધારણ કરવાવાળા શ્રી બાલકૃષ્ણ પ્રભુના સ્વરૂપને (શ્રી હસ્તમાં ધારણ કરી) સ્વ જમણા કર કમલમાં સ્થાપિત કરી, ધ્યાન મગ્ન થયેલા એવા આપણા શ્રીવદન અનલ અવતાર રૂપ શ્રી વલ્લભ પ્રભુને જે જાણે છે તેજ સર્વ રીતે વૈરાગ્ય પૂર્ણ વૈષ્ણવ બની જાય છે.

શ્રી વલ્લભ જગતના આત્મા છે. શ્રી વલ્લભ પ્રભુથી જ ખરેખર પંચ મહાભૂત ( પૃથ્વી જલ તેજ વાયુ આકાશ) ઉત્પન્ન થયા છે. અંતમાં તે શ્રી વલ્લભ પ્રભુમાં સંમિલિત થઈ જવાના છે. એવા આપણા શ્રી વલ્લભ પ્રભુ જ તેજ સ્વયં પ્રત્યક્ષ અપ્રત્યક્ષ દરેક કાર્યોના કર્તા અને કરાવનાર છે તેજ વિષ્ણુ રૂપે છે, તેજ રૂદ્ર રૂપે છે, તેજ જયોતિ સ્વરૂપે બિરાજે છે. તેજ શ્રી વલ્લભ પ્રભુ ઋગવેદ, યજુર્વેદ, સામવેદ અને અથર્વવેદ સ્વરૂપે પણ છે.

શ્રીમદ્ વલ્લભ પ્રભુથી જ પંચમ્ મહાભૂત ઉત્પન્ન થયા છે. ઉપરાંત તેજ પંચમહાભૂત શ્રી વલ્લભ પ્રભુમાં સંમિલિત થવાના છે. "કલં તત્ત્વમ્ તસ્મિન વિધતે તત–તાત્વ મૂલ બીજ મંત્ર રુપમ

- મહા મૃત્યુંજય મંત્ર : નમો વલ્લભાય વદન અનલ અવતાર રૂપાય મૃત્યો પાહિ પહિ સ્વાહા શ્રીવલ્લભપ્રભુને મારા નમસ્કાર કેજે પ્રભુના વદન અનલ અવતાર રૂપ છે તેઓ પ્રભુ મારુ આ મૃત્યુથી રક્ષણ કરો, રક્ષણ કરો.
- કુંવારીકાને પતિ મેળવવાનો મંત્ર : નમો વલ્લભાય અગ્નિ સ્વરૂપાય ભ્રાજિષ્ણવે વિશ્વ હેતવે પતિં મે કરુતે સ્વાહા હે વલ્લભ તમને નમસ્કાર છે. તમે અગ્નિ સ્વરૂપ છો ભ્રાજીષ્ણવછો મને તમે પતિ આપો તમને નમસ્કાર તમને નમસ્કાર.
- શ્રી વલ્લભ ગાયત્રી મંત્ર : ૐકિલં નમો વલ્લભાય વિદ્ મહે આનંદ મયાધિમહિ તન્નો જ્ઞાન મયો પુષ્ટિમયો વિજ્ઞાન મયો જયોતિર્મય પ્રચોદયાત સ્વાહા : ૐ કિલં શ્રી વલ્લભને નમસ્કાર તેમને અમે આનંદમય જાણીએ છીએ અને એવા આનંદમયનું અમે ધ્યાન કરીએ છીએ તે જ્ઞાન મય છે, પુષ્ટિમય છે, વિજ્ઞાનમય છે, જયોતિમય છે. તે અમારી બુધ્ધીને પ્રેરણા આપે સ્વાહા.
- મુશીબત–સમસ્યા આવે ત્યારે બોલવાનો મંત્ર :
  શ્રી વલ્લભા નઃ પાતુ શ્રી વલ્લભા રક્ષતુ શ્રી વલ્લભા પુરયતુ યોગક્ષેમમ્
  શ્રી વલ્લભ પ્રભુ અમારુ રક્ષણ કરો, શ્રી વલ્લભ પ્રભુ અમારા યોગક્ષેમનું રક્ષણ કરો વહન કરો.
- પાપમાંથી મુકત થવા માટેનો મંત્ર : શ્રી વલ્લભઃ ઈતિ અક્ષર બ્રહ્મ યો જાનાતિ સઃ વિમુચ્યતે। યઃ સદા જપતિ શ્રી વલ્લભઃ। અક્ષર બ્રહ્મથી પર એવા પ્રભુને જે જાણે છે. તે સર્વ પાપ પુણ્યના બંધનમાંથી મુકત થાય છે.

## શ્રી વલ્લભ પ્રભુ સાથે નિત્યગોલોકમાં રાસ રમવા માટેની આપણી સ્થિતિ બને તે માટે શું કરવું ?

હવે શ્રી વલ્લભ પ્રભુને જાણવાથી, નમસ્કાર કરવાથી શું લાભ થાય છે તે બતાવે છે.

ય : સદા જપતિ શ્રીવલ્લભ : હે શ્રી વલ્લભ :
સ રાસે રમતિ / સકીર્તિમાન ભવતિ /
ત્રિકાલ યો જપતિ શ્રી બાલકૃષ્ણ વિગ્રહ સમીપે
સ્મરણ પૂર્વક સસમાનો ભવતિ, ગાયતિ
સ્મરતિ જયતિ સ મહામૃત્યું તરતિ ઈહ
ચાન્દમયો ભૂત્વા ગોલોક શ્રી બાલકૃષ્ણ સમિપે
રાસ રમણે અનુગ્રહ મયો ભવતિ।

પેઈજ નં ૧૪......

જે વ્યકિત સદા "શ્રી વલ્લભાય નમઃ" નો જપ કરે છે તે વલ્લભ પ્રભુની સાથે નિત્ય ગોલોકમાં રાસ રમે છે (સદા વલ્લભ પ્રભુને સ્વહૃદયમાં ધારણ કરો) શ્રી વલ્લભ પ્રભુનો સદા જપ કરનાર કીર્તિમાન થાય છે. જે વ્યકિત ત્રણેય કાળમાં શ્રી બાલકૃષ્ણ પ્રભુના સાનિધ્યમાં જપ કરે છે તે હંમેશા નિજ આનંદ પ્રાપ્ત કરે છે.કારણ કે વલ્લભ પ્રભુ નિત્ય આનંદ રૂપ છે, તે ઉપરાંત બ્રહ્મરૂપ છે માટે જે જીવ વલ્લભ પ્રભુનું ધ્યાન ધરે છે, વલ્લભ પ્રભુના ગુણાનુંવાદ ગાય છે વલ્લભ પ્રભુનું સ્મરણ કરેછે વલ્લભ પ્રભુનો જયજયકાર કરે છે. તે જીવ મહામૃત્યુમાંથી તરીને આ લોકમાં અને પરલોકમાં આનંદ રૂપે થઈને નિત્ય નિત્ય ગૌલોકમાં શ્રી બાલકૃષ્ણ પ્રભુની સામિપ્યમાં રાસ રમતો રમતો પ્રભુના અનુગ્રહમય થવાય છે. આ વલ્લભોપનિષદ અશિષ્યને ન આપવું. અભક્ષ્ય ભક્ષણ કરનારને ન આપવું, ન પીવા લાયક શરાબ વગેરે પીનારને ન આપવું કારણકે આ વલ્લભોપનિષદ ગુપ્ત વિદ્યા ન આપવી, વ.ઉ. ગુપ્ત વિધ્યા સમાપ્ત. પંચમ્ પ્રપાઠકની સમાપ્તિ

## આરતી (રાગ ગૌરી)

આરતી યુગલ કિશોરકી કીજે, તન–મન–ધન ન્યોછાવર કીજે ।
રવિ શશી કોટી બદનકી શોભા, તાહિ નિરખ મેરા મન લોભા ॥૧॥
ગૌર શ્યામ મુખ નિરખન જીજે, હરિ કો સ્વરૂપ નેન ભર પીજે ।
કંચન થાર કપુરકી બાતી, જગમગ જયોતિજલે દિન રાતી ॥૨॥
ફૂલનકી સેજ ફૂલન ગલ માલા, રતન સિંહાસન બૈઠે નંદલાલ ।
મોર મુકુટ પીતાંબર સોહે, નટવર ભેષ દેખ મન મોહે ॥૩॥
ઓઢેનીલ પીત પર સાડી, શ્રીકુંજવિહારિણી બિહારી ।
ગોપી જનકો પ્રેમ સ્વરૂપા, ધ્યાન ધરત યેહી શુધ્ધ સ્વરૂપા ॥૪॥
શ્રીપુરુષોત્તમ ગિરિવરધારી, આરતી કરત સકલ વજનારી ।
નંદ નંદ વૃષ ભાન કિશોરી "પરમાનંદ" પ્રભુ અવિચલ જોરી ॥૫॥

## શૃંગારના પદ–રાગ બિલાવલ પદ

નિર્તત રાધા નંદકિશોર,
તાલ મૃંદગ સહચરી બજાવત, વિચવિચ મોહન મુરલી કલધોર–૧
ઉરપતિરપપગ ધરત ધરણિપર, મંડલ ફિરત ભુજન ભુજ જોર;
શોભા અમિત વિલોક ગદાધર, રીઝરીઝ ડારત તૃણ તોર–૨

## ॥ નાઝીર ॥

જોજો ગુમાવશોના એતબાર માનવીનો,
એળે ના જાય જોજો, અવતાર માનવીનો.
એવા ન વેણ કાઢો, કે દિલને ઠેસ લાગે (૨)
વાણી ઉપર બધો છે, આધાર માનવીનો
કેવો અમુલો દેહ આ, તુજને મળ્યો છે માનવ (૨)
ઈશ્વર ખૂદ ધરે છે, અવતાર માનવીનો
ભક્તિથી તારી માનવ, પાષાણ પીગળે છે (૨)
મુશ્કિલ છે પ્રાપ્ત કરવો, એક પ્યાર માનવીનો
એ માનવીનો 'હરગીઝ' નહીં, મોક્ષ થાય 'નાઝીર' (૨)
જે માનવી કરે છે, સંહાર માનવીનો

# પુષ્ટિમાર્ગીય પ્રોટોકોલ્સ (આચાર સંહિતા)

ગતાંકથી.......

એ આપણા ગુરૂ હોવાથી, જે અભિવાદન આપણે સામાન્ય લોકો માટે કરીએ છીએ, એ એમના માટે ઉપયોગ ન થઈ શકે. જેમ ગુરુ માટે વિશિષ્ટ સ્થાન, આદર અને વિશિષ્ટ આચાર સંહિતા આપણે રાખીએ છીએ, એજ રીતે વિશિષ્ટ અભિવાદન પણ આપણે રાખીએ છીએ. ગુરુ એ આચાર્ય પુર્ણપુરુષોત્તમ તુલ્ય છે એ ધારણાથી એજ કારણોસર, ઠાકોરજી સન્મુખ જય શ્રીકૃષ્ણ નથી કરવામાં આવતા, એજ કારણસર, ગુરુ સન્મુખ જય શ્રીકૃષ્ણ થઈ શકે નહીં.

(૫) વૈષ્ણવોમાં "જય શ્રીકૃષ્ણ" બોલી સામેવાળી વ્યકિતને આવકારીને અને અભિવાદન કરવાની પ્રથા છે. પુષ્ટિમાર્ગમાં ધારણા છે કે દરેક વૈષ્ણવના હૃદયમાં ઠાકોરજી બિરાજે છે. હવે "જય શ્રીકૃષ્ણ" કરી ને સામેવાળી વ્યકતિને "કેમ છો" કે "હેલો" નથી કરતા પણ એના હૃદયમાં બિરાજતા ઠાકોરજીને અભિવાદન કરીએ છીએ. આ રીતે સામેવાળી વ્યકિતને "જય શ્રીકૃષ્ણ" કરીને સામેવાળી વ્યકિતને "કેમ છો" કે "હેલો" નથી કરતા પણ એના હૃદયમાં બિરાજતા ઠાકોરજીને અભિવાદન કરીએ છીએ. આ રીતે સામેવાળી વ્યકિતને એ વાતની સ્મૃતિ થાય છે કે મારા હૃદયમાં ઠાકોરજી બિરાજે છે. અમૂક પરિસ્થિતમાં "જય શ્રીકૃષ્ણ" થતા નથી. વૈષ્ણવ ઠાકોરજીની સન્મુખ હોય અને ત્યારે અન્ય કોઈ વૈષ્ણવ આવે (દા.ત. હવેલીમાં દર્શન કરતી વખતે) તો એને "જય શ્રીકૃષ્ણ" કરવામાં આવતા નથી . કારણ કે જયારે વૈષ્ણવ ઠાકોરજી ની સન્મુખ હોય ત્યારે ઠાકોરજી સામે હોવાથી "જય શ્રીકૃષ્ણ" કરી એમની સ્મૃતિ (સ્મરણ)કરાવવાની આવશ્યકતા જ નથી.

(૬) વલ્લભકુળ સામે જોરમાં કે આક્રોશમાં સન્મુખ બેસવું નહિં. બગાસાં આદી ખાવાં નહીં. શિસ્તબધ્ધ રીતે સન્મુખ બેસવું. ગુરુની સામે અદબમારી ને કે એમની તરફ પગ કરીને બેસવુ તથા પગ પર પગ ચઢાવીને પણ ન બેસાય. વલ્લભકુળને પીઠ થાય તે રીતે અથવા તેમના આસનને પગ લાગે કે તેમની ગાદી ને પગ લાગે તે રીતે બેસવું નહીં. પલાઠી લગાવીને સ્વસ્થતાપૂર્વક, દૈન્યભાવે બેસવું. વલ્લભકૃળની હાજરીમાં અન્ય કોઈને ઉપદેશ કે આર્શિવાદ આપવા નહીં તેવીજ રીતે એમની સન્મુખ અન્ય વૈષ્ણવોને કે સગાંસંબંધીઓને કે અન્યને લૌકિક વ્યવહારમાં પગે પડવુ નહીં. ગુરુની હાજરીમાં માત્ર ગુરુ જ પૂજય છે એવી પરમપરા અને પ્રણાલિકા છે.

(૭) ગુરુ સાથે વાત કરવાની થાય તો મોં આગળ હાથ રાખી " જે જે દંડવત પ્રણામ" કરીને જ વાત કરવાની શરૂઆાત કરવી. ગુરુ સાથે ફોન પર વાત કરો ત્યારે શરૂઆત માં "જે જે દંડવત પ્રણામ" કરીને જ વાતની શરૂઆાત કરવી. આ વિનય અને વિવેક ગુરુ પ્રત્યેનો પૂજય ભાવ દર્શાવે છે.

(૮)વલ્લભકૂળ પાસેથી રજા લેતી વખતે "આવજો કે ગુડનાઈટ" નહી બોલવુ પણ " જે જે રજા લઉં" બોલી દંડવત પ્રણામ કરી પછી જવું.

(૯) વલ્લભકૂળના બાળકોની તનુજા વિત્તજા સેવા (તનુજા– શરીર અને શરીરના અંગો દ્વારા થતી સેવા વિત્તેજા–ઉપકરણો દ્વારા થતી સેવા) યથાશક્તિ કરવી તેમની પાછળ કોઈ લૌકિક ભાવ ન રાખવો. " વલ્લભકુલ બાલક સબ એક સમાન, સબહી એક સ્વરૂપ છોટો બડો ન જાનીયે, સબહી અગ્નિસ્વરૂપ."

(૧૦) વલ્લભકૂળનાં સંતાનો ને બાવા ન કહેવાય. તેમના વડીલોને, તેમના બાળકો "બાબા" કહે છે. આપણાંથી રાકેશબાબા આવું પણ ન બોલાય. મથુરેશજી, દ્વારકેશજી બોલાય પણ મથુર બાવા કે દ્વારકેશ બાવા ન બોલાય. જો માતાપિતા ન હોય તો મહારાજશ્રી બોલાય આપણા ધર્મ ગુરૂ ને Religian Heads કહેવાય Priest ન કહેવાય.

→ પેઈઝ ૧૬....

(૧૧) ચરણ સ્પર્શ : ગુરુ ચરણસ્પર્શ સામેથી આપતા નથી વૈષ્ણોવો તે માટે યાચના કરે છે. ગુરુના ચરણસ્પર્શથી નેગેટીવીટી દૂર કરી પોઝીટીવીટી મેળવવાની છે. ગુરુના ચરણાર્વિંદના ટીપ્સમાં એનર્જી છે. ચરણસ્પર્શથી આપણે પોઝીટીવ એનર્જી મેળવીએ છીએ. આપણી હાથની આંગીઓના નખ કપાયેલા હોવા જોઈએ. ચરણસ્પર્શ કરતી વખતે હાથની હથેળી ચત્તી રાખી ગુરુના પ્રથમ ડાબા ચરણાર્વિંદના ટીપ્સને સ્પર્શ કરવાનો પછી જમણા ચરણને અને ફરીથી ડાબા ચરણના ટીપ્સને સ્પર્શ કરવો. ચરણસ્પર્શ કર્યા પછી ગુરુ સન્મુખ દૈન્યભાવે બેસવું.

(૧૨) ઠાકોરજી સન્મુખ ભોગ ન આવ્યો હોય તો સામગ્રી કહેવાય. સામગ્રી સામે આવે એટલે ભોગ કહેવાય. ભોગ લેવાય જાય એટલે પ્રસાદ કહેવાય. પ્રસાદનો અર્થ કૃપા. ઠાકોરજીએ જે અંગીકાર કર્યુ તે પ્રસાદ કહેવાય. જે પ્રસાદ માં ભગવાનની કૃપા હોય તે ને મહાપ્રસાદ કહેવાય. શ્રીનાથજી નું દેવમંદિર હોય કે વલ્લભકુળની હવેલી હોય કે વૈષ્ણવનું ઘર હોય, ઠાકોરજીનો પ્રસાદ હોય તો તે લેવાય. પ્રસાદ લેવામાં દોષ નથી. મફતની પાતળ લેતા હોય એ તો દોષ લાગે.

(૧૩) ભગવાન સન્મુખ જે મૂકો તે ભેટ કહેવાય. જે ભેટ આવે તે કીરતનીયાઓ ને આપી દેવી. સામગ્રી માટેનું જે દ્રવ્ય આપીએ તે સામગ્રી સેવા કહેવાય.

(૧૪) રાજભોગ માં તુલસી આવે બીજા કોઈ ભોગમાં તુલસી ન આવે.

(૧૫) પુષ્ટિમાર્ગમાં આરતી ઉતારવાની હોય છે આરતી લેવાની હોતી નથી.નિરાઘરમાં આરતી લેવાય છે. મંગળા, રાજભોગ, સંધ્યાઆરતી માં આરતી થાય છે. કોઈકવાર પલનામાં પણ થાય છે. શ્રીનાથજી હવેલી નથી. ધ્વજા હોવાથી તે મોટુ મંદિર છે બે ભાવથી આરતી થાય છે માટે તે આરતી પણ લઈ શકાય છે. હવેલીમાં આરતી યશોદાજી કરે છે. તે આરતી લેવાની હોતી નથી.

(૧૬) અસમર્પિત : શ્રી મહાપ્રભુજીની આજ્ઞા પ્રમાણે ઠાકોરજી ને સમર્પણ કરાવ્યા વિનાની વસ્તુઓને અસમર્પિત કહેવામાં આવે છે. વૈષ્ણવો પુષ્ટિમાર્ગમાં પોતાની દરેક વસ્તુ પ્રભુને સમર્પિત કરીને જ એનો ઉપયોગ કરે છે. પરંતુ જો વૈષ્ણવ ઠાકોરજીને સમર્પિત કર્યા વગર કોઈ પણ વસ્તુનો ઉપયોગ કરે તો તેને અસમર્પિત સ્વીકારવાનો દોષ લાગે છે. દા.ત. વૈષ્ણવે ઠાકોરજીને ભોગ આરોગાવેલ પ્રસાદી અન્ન જ ગ્રહણ કરવું જોઈએ પણ જો એ ઠાકોરજીને ભોગ આરોગવ્યા વગર ભોજન કરી લે છે તો એ અસમર્પિત ગ્રહણ કર્યુ તેમ કહેવાય. કેવળ ખાનપાનની વસ્તુઓ પ્રભુને અંગીકાર કરાવ્યાથી આપણે અસમર્પિતનો ત્યાગ કર્યો તેમ કહી શકાય નહીં. જીવનમાં ઉપયોગી સર્વે વસ્તુઓ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પ્રભુને અંગીકાર કરાવવી જોઈએ.

મહારાજ શ્રી ની વાણીમાંથી
શ્રી ગુણવંત સોની

## પાંચ પ્રકારના વંદન (મંગલ પ્રાર્થના)

વંદન કરીએ શ્રી વાસુદેવને ધ્યાન સદા અમે ધરીએ તમ ચરણે–ટેક
પ્રથમ વંદન માતા–પિતાને કરીએ, સંસ્કારનું સિંચન કરી, ઉછેર્યા અમને.....(૧)
બીજુ વંદન શ્રી ગણપતિને કરીએ, રિધ્ધી–સિધ્ધી દેતા સૌ ભક્તજનોને.....(૨)
ત્રીજુ વંદન શ્રી ગુરુદેવજીને કરીએ, ગોવિંદ બતાયો સદા સેવા રે કરવા.....(૩)
ચોથુ વંદન શ્રી ઈષ્ટદેવને કરીએ, કૃપા કરી પાવન કરે સૌ દૈવી જીવને.....(૪)
પાચંમું વંદન સર્વે દેવ–દેવીને કરીએ, સેવા સ્મરણ કરી જીવનને ઉજાળીએ.....(૫)
દાસ ગોપીજનને કહે વંદનને સ્વીકારજો, વંદન કરો સૌને પણ મન પ્રભુમાં રાખજો.

ચીમનલાલ એન. બૅંકર (ગોપીજન)
ના જયશ્રી કૃષ્ણ

# શ્રીજીના આઠ સમાના દર્શનનો ભાવ

## દર્શન કરવા શ્રીજીદ્વાર જઈએ

દર્શન કરવાને શ્રીજીદ્વાર જઈએ
દર્શન કરીને પાવન થઈએ
નિકુંજ નાયકને નયણે નિરખવા શ્રીજીદ્વાર જઈએ
પ્રેમરસનું પાન કરવા, શ્રીજીદ્વાર જઈએ.......... ટેક
પ્રથમ દર્શન મંગળાના કરીએ,
મંગળમુખ નિરખી સદા સુખ લઈએ–(૧)
બીજા દર્શન શણગારના કરીએ,
પ્રિય નવનીત ઝુલે સોનાના પારણીએ–(૨)
ત્રીજા દર્શન ગ્વાલબાલના કરીએ,
ગ્વાલો સંગ ખેલતા બાલકૃષ્ણને નિહાળીએ–(૩)
ચોથા દર્શન રાજભોગના કરીએ,
ખંડ–પાટ–ચોપાટ તણો ભાવ હૃદયમાં ધરીએ–(૪)
અનોસરમાં ગુણગાન શ્રીનાથજીના કરીએ,
ગાયો ચારવા વનમાં જતા શ્રીજીને નિહાળીએ–(૫)
પાંચમાં દર્શન ઉત્થાપનના કરીએ,
કંદફળનો ભોગ ધરતા પુલીંદીજી સમરીએ–(૬)
છઠ્ઠા દર્શન ભોગ સમયના કરીએ,
ખુરરજથી મુખ ચમકતું શ્રીજીનું નિરખીએ–(૭)
સાતમાં દર્શન સંધ્યા આરતીનાં કરીએ,
આરતી ઉતરતી નિરખી, આ રતી વધારીએ– (૮)
આઠમાં દર્શન શયન સમયનાં કરીએ,
નિરાંજન કરી શ્રીજીને, હૈયામાં રાખીએ–(૯)
આઠે દર્શન કરી પ્રભુને પોઢાડીએ
પ્યારીસંગે ખેલ ખેલતા શ્રીજીને સમરીએ (૧૦)
નિત્ય નવા મનોરથનાં દર્શન કરીએ,
ઝાપટીઆની ઝાપટ ખાઈને, પાવન થઈએ (૧૧)
આઠ સમાના દર્શન જે કોઈ ભાવેથી કરશે,
શ્રીજી કૃપા કરી તેને ચરણોમાં રાખશે (૧૨)
દાસ "ગોપીજન" જાયે વલ્લભકુળને વારણે,
નિકુંજનાયકને નિરખી રહ્યા ઊભા રહી બારણે (૧૩)

**ચીમનલાલ એન. બૅકર (ગોપીજન)**
ના જયશ્રી કૃષ્ણ

જે વૈષ્ણવ અન્યાશ્રય, અન્યની ઉપાસના કરતો હોય તેને કદી પણ મળવુ નહીં
તેના ઘરનુ કંઈ પણ લેવું નહીં.

# પ્રથમ મિલન

ગતાંકથી....

શ્રીવલ્લભે બ્રહ્મસંબંધ મંત્ર આપી કંઠી પહેરાવી. તેમના આ પ્રથમ વૈષ્ણવ તે દામોદરદાસજી,વલ્લભ પ્રેમથી દમલા કહી સંબોધતા. ત્યાંથી શ્રી વલ્લભ મથુરા પધાર્યા. યમુના તીરે પારાયણ કર્યુ. વ્રજની પરિક્રમા કરવાનો નિયમ લીધો. ત્યાંથી આપશ્રી ગોકુલ પધાર્યા છે. નંદરાયજીનુ ગામ કૃષ્ણનું જન્મસ્થળ. યમુના મહારાણીનું સ્વરૂપ પ્રગટ થયુ "નમામી યમુનામહં" યમુનાષ્ટકની આપશ્રી એ રચના કરી. શ્રીનાથજીનાં મુખારવિંદમાંથી યમુના મહારાણીનું પ્રાગટય થયુ છે. શ્રીવલ્લભ કુંભનગામ થઈ આન્યોર પધાર્યા. સદ્દુપાંડેના ઘર પાસે બિરાજયા. એક સુંદર વ્રજ નારી નરો (સદ્દુપાંડે ની બેટી) ગોવર્ધનને ઉપર દૂધ પાવા ગઈ હતી. તેની વાટકીમાં દૂધનું ટીપુ રહી ગયું હશે તે શ્રીવલ્લભે માગ્યુ અને આરોગ્યા એજ આ અધરામૃત. આપશ્રી એ અધરામૃત નું પાન કર્યુ. સદ્દુપાંડે કહ્યુ કે મહારાજ મારે ત્યાં ઘણ્ દૂધ છે પરંતુ આપશ્રી એ ના પાડી. વ્રજ આખુ ભેગુ થઈ ગયુ. બધા કંઠી માટે પડાપડી કરવા લાગ્યા. ગાપીઓ ગીતો ગાવા લાગી. શ્રીવલ્લભે નરોને આગળ ધરી કારણકે તે શ્રીનાથજી ની પ્રથમ સખી હતી. આખો સંઘ સદ્દુપાંડેના ઘરથી નીકળ્યો. સદ્દુપાંડેનાં ઘરની પાછળ એક ટૂંકો રસ્તો શ્રી ગિરિરાજની ટોચ ઉપર જતો હતો તે રસ્તે આચાર્યશ્રીએ પ્રયાણ કર્યુ. ત્યાં તે સ્થળે દેવદમન શ્રીનાથજી કંદરામાંથી પૂર્ણ પ્રગટ થઈ બહાર નીકળી કૂદીને શ્રીવલ્લભને ભેટી પડયા. આ મહાન અલૌકિક દશ્ય એ "પ્રથમ મિલન" અંતરીક્ષમાંથી દેવો એ પુષ્પિવૃષ્ટિ કરી. ગંધર્વો એ દૈવી ગાન કર્યું. અપ્સરાઓએ મોહેક નૃત્યો કર્યા. "નંદકે આનંદ ભયો જય કનૈયા લાલકી" શ્રી ગિરિરાજની શીલા એ, આ બન્ને પરમતત્ત્વોના ચરણ ચિહનો ને વક્ષઃસ્થળ પર અંકિત કરી દીધા. પ્રથમ મિલન તે જગા શ્રી ગિરિરાજ ઉપર છે. શૈયામંદિર એ પ્રથમ મિલન જગા છે. જ્યાં હસ્ત અને મુખારવિંદ પ્રગટ થયા હતા. આ જગાએ શ્રીવલ્લભે નાની ઝૂંપટી બાંધી અને પોતાના હસ્તે સામગ્રીધરી પ્રભુને આરોગાવી. કંઠી–કંઠાભરણ શ્રી મહાપ્રભુજીએ ધરાવી. કંઠાભરણ આજે પણ શ્રીનાજીમાં છે. ગુંજા માળા પણ ધરાવી. રામદાસ ચૌહાણ શ્રીનાથજીનાં પ્રથમ મુખિયા બન્યા. હવે બધા દર્શનોની આજ્ઞા થઈ. ગ્વાલીની, ગ્વાલો, સખાઓ બધાજ આમાં જોડાયા. કુંભનદાસ નાના હતા ત્યારે શ્રીનાથજીના મિત્ર હતા અને કુંભના કહી બોલાવતા. કહે છે 'કુભના' ? આજ માખણ મિસરી ખાવો છે યશોદા જેવો સ્વાદ નથી. ગ્વાલપોખરા કૃષ્ણઅવતારમાં જે સ્થળ હતું તે જ સ્થળ આ ગોવર્ધન લીલામાં છે. ગોપીને ત્યાં માખણ મિસરી ખાવા જાય છે. માખણવાલી કુંભના ને તથા બીજા ગોપાલોને આપે છે, ખાય છે ખવડાવે છે, જે કૃષ્ણઅવતારમાં ગોપો સાથે કરતા હતા. કુંભનદાસ કીર્તનો કરતા. શ્રીનાથજી ભક્તોના મનોરથો પૂરા કરતા. આખાદિવસની સેવા દર્શન પૂરાં થઈ જાય એટલે રામદાસ મંદિર બંધ કરે અને શ્રીનાથજી મૂર્તિ સ્વરૂપમાંથી અસલ સ્વરૂપમાં આવી જાય. બોલે "કુંભના આજ કહાં ચલોગે"? આ રીતે ભક્તોનો મનોરથો પુરા કરતા ગોપી, ગ્વાલ અને ગાય આ ત્રણ ગગાર માટે છડી ધરે સૌ પ્રથમ મંદિરમાં દૂધ ઘર સેવાનો પ્રારંભ થયો.

પ્રભુની સેવામાં મુખિયાજી કોણ થઈ શકે ? જે પ્રભુના સુખ દુઃખનો વિચાર કરે, પ્રભુમાં જેનું ચિત્ત પરોવાયેલું હોય, કૃષ્ણનું નામ હોય, દાસભાવ સિધ્ધ થયેલો હોય, સમર્પણ ભાવ સિધ્ધ થયેલો હોય એવીજ વ્યકતિ મુખિયાજી થઈ શકે. પ્રથમ મુખિયાજી રામદાસ ચૌહાણનું જીવન ચરિત્ર જાણવા જેવું છે. રામદાસ સાધારણ પિતાનાં પુત્ર હતા. નાનીવયે રામદાસના પિતાએ રાજાને ઝૂકીને સલામ કરવાનું કહ્યુ.ત્યારે તેમણે કહ્યુ કે ભગવાનને જ ઝૂકાય, રાજાને નહિં નમુ. રાજાને આ વાતની ખબર પડી. રામદાસે સલામ ન ભરી તેથી રાજાએ કોરડા માર્યા, પરંતુ તે તો કૃષ્ણ નામ બોલતા જ રહ્યા. રોજ દશ કોરડા વધતા જાય અને પૂછે હજી બોલ, નહીં તો કારાવાસમાં પૂરી દઈશ ત્યારે રામદાસજી બોલ્યા તારો ન્યાય કરવા આવી ગયો છે તું સંભાળી લેજે રાણી પૂણ્ય–શાળી હતી તેણે કહ્યુ બંધ કરો.....

ક્રમશઃ......

સંકલન : શ્રી ગુણવંત સોની, કોલેજ વીલ ટાઉન, પેનસીલવેનિયા, અમેરિકા.

# ÷ પુષ્ટિ સંજ્ઞાઓ ÷

- બુહારી – સાવરણી
- તબકડી – ઝારીજી નીચેની રકાબી
- વેણુ – વેત્ર – વેણુ તથા ગૌચારણની લકુટી (લાકડી)
- પેંડો – સિંહાસનથી સૈયા મંદિર સુધી પાથરવામાં આવતું વસ્ત્ર
- ઉબટનો – સુગંધી તેલ મર્દન
- અભ્યંગ – સ્નાન
- દર્પણ – અરીસો
- નેવરો – ઝારીજી પર લપેટવામાં આવતું વસ્ત્ર
- ટેરો – પડદો
- સુપેતી – ગાદી
- ઝૂન ઝૂન – ઘૂઘરો
- ઘટિકા – ઝીણી ઘૂઘરી વાળો કંદોરો
- કરકવો – હાથ ધોવાનું નાળચાવાળું પાત્ર
- અંગિઠિ – સગડી
- મથની – ગોળી
- છાનવી – ગાળવું
- પનવારો – સામગ્રીની થાળ ધરવા માટે નીચે પધારવામાં આવતું વસ્ત્ર કે સાધન
- પડઘા – લાકડાનું સામગ્રી પધરાવવા માટે જેના પર મુકાય તે સાધન
- કટોરો – વાડકો
- સુરંગ હિંડોળો – લાકડાનો કે સંખેડાનો રંગીન ઝૂલો
- મુઢો – સિંહાસન આગળ મૂકવામાં આવે તે લંબચોરસ પાત્ર
- કાનીથી – ભલામણથી
- ગુંજા – ઘુઘરા
- ચકરડા – જલેબી
- પાકુ – કેળુ
- ગન્ના – શેરડી
- અનાર – દાડમ
- સુગંધી – ઈલાયચી – અત્તર
- ફીકો – ચેવડો, ચવાણું
- માન ભોગ – સીરો
- ધૈયા – તાજુ દોહેલુ દૂધ તાંબડીમાં ભરેલું હોય તેને નાની તપેલીમાં લઈ ઉપર નીચે કરી ખૂબ ફીણ ચઢાવેલું હોય તેવુ દૂધ
- ભૂજેના – ભજીયા
- છાક – વન ભોજન
- વ્યંજન – જાતજાતની સામગ્રી
- કલઉ – શ્રી ઠાકોરજીને મંગળ ભોગ ધરાય છે તે
- ખાસા – પવિત્ર થવા જલની મદદથી થતી ક્રિયા
- કસના – નાડી
- બાલસ – તકીયા
- ગોળ બાલસ – ગાલ મસુરીયા
- તાપ કલેશ – ભગવાનના વિરહનો અનુવાદ કર્યા પછી ફરી મિલનની ઉત્કટ ઈચ્છા
- અન્યાશ્રય – શ્રી કૃષ્ણ સિવાય કોઈનો આશ્રય લેવો તે
- અનન્યાશ્રય – શ્રી કૃષ્ણ મારા સર્વસ્વ છે તે સિવાય બીજુ કોઈ નથી એવો શ્રી કૃષ્ણમાં પોતા પણાનો દ્રઢ ભાવ
- તિરોધાન – અદ્રશ્ય થવું
- પાયન – ચરણાર્વિંદ
- નિરોધ – આપણા સર્વ વિચારો અને કાર્યો પ્રભુમાં લાગી જાવાં તે

સંકલન : રમિલા પી. રાયજીવાળા

| | |
|---|---|
| ૦૧–૦૨–૦૭, ગુરૂવાર, માઘ સુદ–૧૪, | વ્રતની પુનમ |
| ૦૨–૦૨–૦૭, શુક્રવાર, માઘ સુદ–૧૫, | માઘપૂર્ણીમા માઘ સ્નાન સમાપ્તિ.<br>હોળી દંડારોપણ |
| ૦૭–૦૨–૦૭, બુધવાર, માઘ વદ–૫, | શ્રી રણછોડરાયજીનો પાટોત્સવ(નાથદ્વાર)<br>શ્રી કલ્યાણરાયજીનો જન્મદિન(સુરત) |
| ૦૯–૦૨–૦૭ શુક્રવાર માઘ વદ–૭, | શ્રી નાથજીનો પાટોત્સવ (નાથદ્વાર) |
| ૧૦–૦૨–૦૭, શનિવાર, માઘ વદ–૮, | કાલાષ્ટમી, જાનકી જન્મ |
| ૧૩–૦૨–૦૭, મંગળવાર, માઘ વદ–૧૧; | વિજયા સ્માર્ત એકાદશી, સંક્રાતિ પૂણ્યકાળ |
| ૧૪–૦૨–૦૭, સોમવાર, માઘ વદ–૧૨, | વિજયા ભાગવત એકાદશી |
| ૧૬–૦૨–૦૭, બુધવાર, માઘ વદ–૧૪, | મહાશિવરાત્રી |
| ૧૭–૦૨–૦૭, ગુરૂવાર, માઘ વદ–૩૦, | દર્શ અમાવાસ્ય, દ્વાપરયુગાદિ |
| ૧૮–૦૨–૦૭, શુક્રવાર, ફાલ્ગુન સુદ–૧, | ચંદ્રદર્શન, સૌર વસંત ઋતુ પ્રારંભ |
| ૧૯–૦૨–૦૭, શનિવાર, ફાલ્ગુન સુદ–૨, | શ્રી રામકૃષ્ણ જયંતિ |
| ૨૦–૦૨–૦૭ રવિવાર ફાલ્ગુન સુદ–૩, | વિનાયક ચતુર્થી |
| ૨૩–૦૨–૦૭ શુક્રવાર ફાલ્ગુન સુદ–૭, | ગો.તિ.શ્રી રાકેશજી મહારાજનો જન્મ દિવસ મથુરાજીનો પાટોત્સવ |
| ૨૪–૦૨–૦૭ શનિવાર ફાલ્ગુન સુદ–૮, | દુર્ગાષ્ટમી, હોળાષ્ટક પ્રારંભ |
| ૨૫–૦૨–૦૭ રવિવાર ફાલ્ગુન સુદ–૯, | શ્રી હરિ જયંતિ, શ્રી ટિકેનાં શ્રૃંગારનો પ્રારંભ |
| ૨૬–૦૨–૦૭ સોમવાર ફાલ્ગુન સુદ–૧૦, | અમૃત સિધ્ધિ યોગ |
| ૨૭–૦૨–૦૭ મંગળવાર ફાલ્ગુન સુદ–૧૧, | શ્રી ગોવિંદરાયજીનો ઉત્સવ(સુરત) |
| ૨૮–૦૨–૦૭ બુધવાર ફાલ્ગુન સુદ–૧૨, | ગોવિંદદ્વાદશી બુધ પૂર્વોદય |

**'પુષ્ટિ પ્રસાદ' આજીવન મનોરથી વૈષ્ણવોના સમસ્ત વૈષ્ણવોને સદૈન્ય જય શ્રીકૃષ્ણ**

| | |
|---|---|
| શ્રીમતિ મૃદુલાબેન મણીભાઈ અમિન | IL, USA |
| શ્રીમતિ અમિતાબેન જયોતિનભાઈ ભરવાડ | MD, USA |
| પૂ.મંજૂલાબેન રમણલાલ શેઠ | CT, USA |
| પૂ.ધર્મિષ્ઠાબેન રમણલાલ પટેલ | VA, USA |
| શ્રીમતિ ગીતાબેન કિરણભાઈ મહેતા | MD, USA |

## 'પુષ્ટિ પ્રસાદ' આજીવન મનોરથી વૈષ્ણવોના સમસ્ત વૈષ્ણવોને સદૈન્ય જય શ્રીકૃષ્ણ

| | |
|---|---|
| શ્રી પંકજભાઈ એ. શાહ | Surat |
| શ્રીમતિ ઉમાબેન અશ્વિનભાઈ શાહ | Andheri |
| શ્રીમતિ રીનાબેન બિપિનભાઈ મરચંટ | Vasai |
| શ્રી વ્રજનીશભાઈ આર. શાહ | MD,USA |
| શ્રીમતિ તિલોત્તમાબેન વી. શાહ | MD,USA |
| શ્રીમતિ દીપાલીબેન પાર્થિવભાઈ શાહ | MD,USA |
| શ્રીમતિ નિકિતાબેન મિહિરભાઈ શાહ | MD,USA |
| પૂ.શ્રી રમણલાલ પ્રહ્માભાઈ શાહ | MD,USA |
| પૂ.પુષ્પાગૌરી રમણલાલ શાહ | MD,USA |
| શ્રીમિત રેખાબેન યોગેશભાઈ શાહ | CT,USA |
| શ્રીમતિ કિન્નરીબેન વિપુલભાઈ ચિતલીયા | MA,USA |
| શ્રીમતિ સરોજબેન દિનેશભાઈ શાહ | MA,USA |
| શ્રીમતિ યશુબેન નિખિલભાઈ શાહ | MA,USA |
| શ્રીમતિ રસિલાબેન ભુપેન્દ્રભાઈ શાહ | NY,USA |
| શ્રીમતિ અસ્મિતાબેન બાબુભાઈ પટેલ | MA,USA |
| શ્રીમતિ અંશુબેન બચુભાઈ શાહ | NY,USA |
| શ્રી સંજયભાઈ ચિમનભાઈ શાહ | NY,USA |
| શ્રીમતિ મુદુલાબેન ઠાકોરભાઈ પરીખ | CA,USA |
| શ્રીમતિ હેમલતાબેન વિનોદચંદ્ર ગુંદરીયા | CA,USA |
| શ્રીમતિ શાંતાબેન બી. પટેલ | MA,USA |
| શ્રીમતિ મીરાબેન વિજયભાઈ ચોકસી | NJ,USA |
| શ્રીમતિ જયોતિબેન રક્ષિતભાઈ મજમુદાર | MA,USA |
| શ્રીમતિ ગીતાબેન મુકેશભાઈ કાપડિયા | FL.,USA |
| શ્રીમતિ હેમલતાબેન કાંતિલાલ પટેલ | CA,USA |
| શ્રીમતિ મીતાબેન ધ્રુવભાઈ ગુંદરીયા | NY,USA |
| શ્રીમતિ પન્નાબેન જયંતભાઈ ગુંદરીયા | Vyara |
| શ્રીમતિ અમીબેન પંકજભાઈ શાહ | Surat |
| શ્રીમતિ ભદ્રાબેન અશ્વિનભાઈ શાહ | Surat |
| શ્રીમતિ સુજાતાબેન મુકુલભાઈ પટેલ | PA,USA |
| શ્રીમતિ રશ્મિબેન હિમાંશુભાઈ ગુંદરયિા | MA,USA |
| શ્રીમતિ ઈંદિરાબેન નિરંજનભાઈ સંપટ | MA,USA |
| શ્રીમતિ રેખાબેન દેવદાસભાઈ પરિખ | NJ,USA |
| ડૉ.પન્નાબેન કાપડીયા | MA,USA |
| ડૉ.નવીનભાઈ પોપટ | MA,USA |
| શ્રીમતિ મોનાલીબેન નીલેશભાઈ રંગવાળા | FL,USA |
| શ્રીમતિ પુષ્પાબેન ચંદ્રકાંતભાઈ શાહ | Ahd. |
| શ્રીમતિ સ્મિતાબેન નાણાવટી | Mumbai |
| શ્રીમતિ વર્ષાબેન પંકજભાઈ શાહ | Surat |
| શ્રી રણછોડભાઈ પટેલ | Kheda |
| શ્રીમતિ નયનાબેન દિનેશભાઈ શાહ | MD,USA |
| શ્રી ઈન્દ્રવદનભાઈ આર. શાહ | NJ,USA |
| શ્રીમતિ નીલાબેન કે. શાહ | NC,USA |
| શ્રીમતિ અરુણાબેન નિરંજનભાઈ ગાંધી | NC,USA |
| શ્રીમતિ રંજનબેન પ્રમોદભાઈ અમીન | VA,USA |
| શ્રીમતિ મંજૂલાબેન હિમતભાઈ સોની | MA,USA |
| શ્રીમતિ મંજૂલાબેન ભૂપેન્દ્રભાઈ શાહ | NC,USA |
| શ્રીમતિ રાગીણીબેન અતુલભાઈ શાહ | MA,USA |
| શ્રીમતિ મીનાબેન વિજયભાઈ શાહ | MA,USA |
| શ્રીમતિ ગીતાબેન સુરેશભાઈ દેસાઈ | NJ, USA |
| શ્રીમતિ ગીતાબેન જશવંતરાય જોશી | Calf., USA |
| પૂ.મણીબેન જમનાદાસ પટેલ | USA |
| શ્રીમતિ મીનાબેન અજીતભાઈ ગાંધી | IL, USA |
| શ્રીમતિ માધુરીબેન દ્વારકાદાસ શાહ | NC, USA |
| શ્રીમતિ મીરાબેન દીપકભાઈ મહેતા | NM, USA |

| | |
|---|---|
| શ્રીમતિ કુસુમબહેન જયંતિભાઈ શાહ | Tx., USA |
| શ્રીમતિ જયોતિબેન મધુભાઈ શાહ | CA, USA |
| શ્રી મહેશભાઈ અમિન | PA, USA |
| પૂ.સંતોકબા છગનલાલ શાહ | NC, USA |
| શ્રી મનીષભાઈ ચંદ્રહાસ પરીખ | Borivali |
| પૂ.ભાનુમતીબેન ચુનીલાલ શાહ | Borivali |
| શ્રીમતિ જયોત્સનાબેન રાજેન્દ્રભાઈ શાહ | Borivali |
| શ્રીમતિ અનિલાબેન હરીશભાઈ દલાલ | NJ, USA |
| શ્રીમતિ લીનાબેન હર્ષભાઈ શાહ | NJ, USA |
| શ્રીમતિ પુષ્પાવતીબેન એસ. માંડવાવાળા | NY, USA |
| શ્રી ભુપેન્દ્રભાઈ ખાનદેશી | CA, USA |
| શ્રીમતિ દક્ષાબેન મહેન્દ્રભાઈ શાહ | GA, USA |
| શ્રીમતિ મીનાબેન પ્રવિણભાઈ શાહ | NJ, USA |
| શ્રીમતિ ઉર્વશીબેન કિરીટભાઈ શાહ | CANADA |
| શ્રીમતિ મધુબેન કાંતિલાલ સોની | CANADA |
| શ્રીમતિ માલતીબેન જયંતિલાલ શાહ | CANADA |
| શ્રી નિતીનભાઈ કે. ખાંડવાળા | Surat |
| શ્રીમતિ ખુશમનબેન ડી. શાહ | NJ, USA |
| ડૉ.શીતલબેન તથા ડૉ.બંકિમભાઈ ડી. શાહ | NJ, USA |
| શ્રીમતિ હંસાવતીબેન ડી. પટેલ | MA, USA |
| શ્રીમતિ નીતાબેન એસ. શાહ | FL, USA |
| પૂ.ધીરજબેન જે. પટેલ | FL, USA |
| અ.સૌ.રમિલાબેન પ્રદ્યુમ્ન રાયજીવાળા | Surat |
| પૂ.કાંતાબેન કાંતિલાલ પારેખ | Taxas, USA |
| ચિ.શ્યામા અને ચિ.ગોપેશ ગણાત્રા | MA, USA |
| શ્રીમતિ ગુલાબબેન છોટુભાઈ પટેલ | NC, USA |
| શ્રીમતિ દિવ્યાબેન ભગવાનદાસ મહેતા | VA, USA |
| શ્રીમતિ મીનાક્ષીબેન એમ. શાહ | NJ, USA |
| શ્રી રમેશભાઈ એમ. શાહ | NJ, USA |
| શ્રીમતિ ચંદ્રિકાબેન જશવંતલાલ પટેલ | GA, USA |
| શ્રીમતિ હર્ષાબેન હસુભાઈ શાહ | PA, USA |
| શ્રીમતિ ચંદ્રિકાબેન જીતુભાઈ સંઘાણી | MA, USA |
| શ્રીમતિ લક્ષ્મીબેન જતિનભાઈ કાપડીયા | NY, USA |
| શ્રીમતિ માધવીબેન મયુરભાઈ દલાલ | NY, USA |
| શ્રીમતિ કલ્પનાબેન દીપકભાઈ રાવ | NJ, USA |
| શ્રીમતિ પલ્લવીબેન શિરિષભાઈ શાહ | NJ, USA |
| પૂ.દૂધીબેન ભીમજીભાઈ ભલાલા | VA, USA |
| શ્રી નવનિતભાઈ સી. શાહ | NJ, USA |
| શ્રીમતિ વંદનાબેન છબીલદાસ સંઘવી | GA, USA |
| શ્રીમતિ રંજનબેન કૃષ્ણકાંતભાઈ શાહ | NJ, USA |
| શ્રીમતિ ઉષાબેન ઈન્દ્રવદનભાઈ શાહ | MD, USA |
| શ્રીમતિ જયોતિબેન અરૂણભાઈ દેસાઈ | NJ, USA |
| શ્રી દિનેશભાઈ ટી. કાપડીયા | Surat |
| શ્રી અનસૂયાબેન દિનેશભાઈ દેસાઈ | Vadodara |
| શ્રીમતિ મીરાબેન કિરીટભાઈ શેઠ | VA, USA |
| શ્રીમતિ વર્ષાબેન મુકેશભાઈ મજમુદાર | MD, USA |
| ડૉ.ઊર્મિલા ડૉ. સુનિલશાહ | NJ, USA |
| ડૉ. સુધા ડૉ. સુધીર પરિખ | NJ, USA |
| પૂજય કંચનબેન જીવણલાલ શાહ | MD, USA |
| શ્રીમતિ માયાબેન કિરીટભાઈ ઉદેશી | VA, USA |
| શ્રી .ગજેન્દ્ર એન. દેસાઈ | NJ, USA |
| ડૉ. મયુરી ડૉ. નરેન્દ્ર શાહ | NJ, USA |
| શ્રીમતિ જયશ્રી કીર્તિ દેસાઈ | NJ, USA |
| શ્રીમતિ મીનાક્ષી હર્ષદ શાહ | GA, USA |
| શ્રીમતિ કોકી હસમુખ શાહ | NJ, USA |

સમસ્ત વૈષ્ણવ સૃષ્ટિ માટે વિના મુલ્યે પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ સંપ્રદાય સાહિત્ય પ્રચાર સેવા પરિવારનું **પુષ્ટિ પ્રસાદ**

## "PUSHTI PRASAD"
KARYALAYA

**AMERICA CONTACT**

**Shri Vrajnish R. Shah**
21710, Gorman Drive
BOYDS, MD. 20841 (U.S.A.)
Tel.# : 301-540-0006
E-mail : pushtiprasadinc@hotmail.com

**INDIA CONTACT**

**Shri Pankaj A. Shah**
304, Lalbhai Contractor Complex,
Opp. Old Parsi Library,
Nanpura, Surat-395 001.
Tel.# : +91-261-2474151/2736292
E-mail : pankajshahadvocate@yahoo.com

જય શ્રી યમુના શ્રી ગોવર્ધનનાથ મહાપ્રભુ શ્રી વિઠ્ઠલનાથ
માનસી ગંગા શ્રી હરદેવ ગિરિવર કી પરિક્રમા દે
કુંડ કુંડ પર ચરણામૃત લે અપનો જન્મ સફલ કર લે
પ્રવેશદ્વાર
શ્રી મહાપ્રભુજી બેઠકજી
કુંડ
મંદિરજી
॥ હરિદાસવર્ય શ્રી ગિરિરાજ ગોવર્ધનાય નમઃ ॥

Design-Ad, Nanpura, Surat-1, Tel#:+91-261-2471746 M#:+91-98797 90509

**PRINTED MATTER - BY AIR MAIL**

To, ____________________
____________________
____________________
____________________

પુષ્ટિ પ્રસાદ